ન બોલ સંગ્રહ.

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી આદ્ય જૈન ધર્મપ્રવર્તક સભા

(પાંજરાપોળ) તરફથી.

શા. બાલાભાઈ કકલભાઈ.

માંડવીની પોળ—અમદાવાદ.

આવૃત્તિ પહેલી (પ્રત ૧૦૦૦)

અમદાવાદ—માંડવીની પોળમાં [illegible]નરમાં

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં

ભીખાભાઈ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કિંમત ૦—૨—૬

જૈન બોલ સંગ્રહ

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શ્રી આદ્ય જૈન ધર્મપ્રવર્ત્તક સભા
(પાંજરાપોળ) તરફથી.

શા. બાલાભાઇ કકલભાઇ.

માંડવીની પોળ—અમદાવાદ.

આવૃત્તિ બીજી (નકલ ૨૦૦૦)

અમદાવાદ—માંડવીની પોળ સામે શાકબજારમાં
ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
ભીખાભાઇ છગનલાલે છાપી.

સંવત્ ૧૯૬૭ સને ૧૯૧૧

કિંમત ૦—૨—૦

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ એ છે કે કેટલાક બાળ જીવોને જૈન બોલનું સામાન્ય જ્ઞાન મેળવવા માટે ઘણી ચોપડીઓ જોવી પડતી હતી તે તકલીફ મટાડવાને છોકરાઓ, છોડીઓ, બેરાં તથા સાધ્વીજી મહારાજને ઉપયોગી થઈ પડે તેવા બોલનો સંગ્રહ જુદા જુદા પુસ્તકોમાંથી એકઠો કરી અનુક્રમવાર ગોઠવી બનતી શુદ્ધિ કરીને બહાર પાડયો છે. ગઈ આવૃત્તિમાંના સૂતક વિચારને બદલે આ આવૃત્તિમાં અનધ્યાય તથા કાળ વખતનું સ્વરૂપ દાખલ કર્યું છે. હવે આ પુસ્તકમાં મતિમંદતાથી, આંખદોષથી તથા છાપનારની કસૂરથી જે કાંઈ ભૂલચૂક રહી ગઈ હોય તેની ક્ષમા માગું છું તથા વાંચક વર્ગને અરજ કરૂં છું કે તેમાં જે કાંઈ ભૂલ માલુમ પડે તે મહેરબાની કરી લખી જણાવશો કે જેથી તેની નોંધ લઈ ત્રીજી આવૃત્તીમાં સુધારો કરી શકાય.

લી. શાહ બાલાભાઈ કકલભાઈ.

અનુક્રમણિકા.

બાબતો.	પાનું.
માર્ગાનુસારીના ૩૫ બોલ... ...	૧
ભવાભિનંદી જીવોનાં લક્ષણ... ...	૬
મિથ્યાત્વના બોલનો વિસ્તાર. ...	૮
સમકિતના ૬૭ બોલ.	૧૩
શ્રાવકના ૨૧ ગુણ.	૨૧
ભાવશ્રાવકનાં ૬ લિંગ	૨૬
ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણ ...	૨૮
શ્રી પાંત્રીસ બોલનો થોકડો ...	૩૨
પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ. ...	૪૨
ભાવસાધુનાં ૭ લિંગ.	૪૪
ચરણસિત્તરીના ૭૦ ભેદ.	૪૬
કરણસિત્તરીના ૭૦ ભેદ.	૫૦
સાધુને ગોચરીના ૪૨ દોષ... ...	૫૩
પાંચ માંડલિક દોષ...	૬૨
સમકિતરૂપ રત્ન પામ્યા તે જીવને સ્વરૂપનું ધ્યાન કરવારૂપ વિચાર. ...	૬૩
જીવના ૫૬૩ ભેદ...	૭૦

અજીવના ૫૬૦ ભેદ ૭૫
અરિહંત ભગવાનના ૩૪ અતિશય.. ૭૯
અરિહંત ભગવાનના ૩૫ વાણીગુણ... ૮૨
પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ ૮૫
અરિહંતના ૧૨ ગુણ ૮૫
સિદ્ધના ૮ ગુણ ૮૭
આચાર્યના ૩૬ ગુણ ૮૮
ઉપાધ્યાયના ૨૫ ગુણ ૯૪
સાધુમહારાજના ૨૭ ગુણ... ... ૯૫
નવ પદ મધ્યેનાં બાકીનાં ચાર પદ... ૯૬
દર્શન પદ ૯૬
મતિજ્ઞાનના ૨૮ કે ૩૨ ભેદ ... ૯૭
શ્રતજ્ઞાનના ૧૪ ભેદ ૯૯
૨૦ ભેદ ૧૦૧
અવધિજ્ઞાનના ૬ ભેદ ૧૦૨
મનઃપર્યવજ્ઞાનના ૨ ભેદ ૧૦૩
કેવળજ્ઞાનનો ૧ ભેદ ૧૦૩

ચારિત્રપદના ૫ ભેદ. ... ૧૦૩
તપ પદના ૧૨ ભેદ. ૧૦૪
ચાર ધ્યાન (આર્ત્તાદિ) ૧૦૬
બીજી રીતે ૪ ધ્યાન (પિંડસ્થાદિ). ૧૧૧
ચૌદ માર્ગણાનાં નામ ઉત્તરભેદ સહિત...૧૧૨
પરચુરણ બોલ ૧૧૫
સાત નય, ચાર નિક્ષેપ, ચાર કારણ... ,,
આઠ મદ, અષ્ટ માંગલિક, શ્રાવકનાં ૧૨ વ્રત ,,
ચૌદ ગુણઠાણાં ૧૧૬
ચૌદ સ્થાનક (સમૂર્છિમને ઉપજવાનાં) ૧૧૬
ત્રીસ અકર્મભૂમિક્ષેત્ર, પંદર કર્મભૂમિક્ષેત્ર. ૧૧૬
સિદ્ધના ૩૧ ગુણ બે પ્રકારે, સાતભયનાંનામ ૧૧૭
સંસારી જીવનાં સાત મોટાં સુખ, છ
દર્શન, ૭ ભય, ... ૧૧૮
છ ભાષા, ચક્રવર્ત્તિના ૧૪ રત્ન, કાળ
પ્રમાણ. ૧૧૯
ચૌદ નિયમ. ૧૨૨
દશ પચ્ચખ્ખાણ તથા તેથીતૂટેલું નરકાયુ ૧૨૨

સમવસરણુની બાર પર્ષદા... ... ૧૨૩
ચાર વિકથા, પાંચ સમવાય ... ૧૨૪
દસ શ્રાવક તેમનાં નામ, ધન, ગોકુળ, ભાર્યા. ૧૨૫
તેર કાઠિઆ ૧૨૬
સ્વાધ્યાયના પાંચ પ્રકાર ૧૨૭
પાંચ પ્રકારના દેવ... ... ... ૧૨૭
પાંચ પ્રકારના દેવનું આયુષ્ય ... ૧૨૮
ત્રણ પ્રકારે અલ્પ આયુ બાંધે ... ૧૨૮
પાંચ પ્રમાદ, પાંચ આશ્રવ, પાંચ સંવર ૧૨૯
જીવને નીકળવાના પાંચ સ્થાનક ... ૧૨૯
પાંચ સ્થાનકે જીવ બોધિ દુર્લભપણું પામે ૧૨૯
૩ પ્રકારનો આહાર, ત્રણ પ્રકારની યોની ૧૩૦
સાડીપચ્ચીશ આર્યદેશ, તેમનાં મુખ્ય નગર, ગામની સંખ્યા ૧૩૦
સાધુ સાધ્વીને ખંપના કેટલાક બોલ... ૧૩૨
૭ કારણે સાધુ આહાર લે:.. ... ૧૩૨
૭ કારણે સાધુ આહાર ન લે. ... ૧૩૩
સાત પિંડેષણા, સાત પાણેષણા ... ૧૩૪

ગોચરી જવાની ગતિ આઠ પ્રકારે... ૧૩૪
સાધુનાં ૧૪ ઉપગરણ. ૧૩૫
સાધ્વીનાં ૨૫ ઉપગરણ ૧૩૬
સાધુના ૩ મનોરથ. ૧૩૮
સ્થાપનાચાર્યજીની પડિલેહણાના ૧૩બોલ ૧૩૮
ચારવાર સજ્ઝાય... ... ... ૧૩૮
સાધુની અવશ્ય કરણીના ૧૫ ભેદ તેના
પ્રાયશ્ચિત સાથે... ... ... ૧૩૯
બાર વાનાં પામવાં દુર્લભ... ... ૧૪૦
પાંચ ઇંદ્રિયોના ૨૩ વિષય તથા તેમના
૨૫૨ વિકાર. ૧૪૧
જ્ઞાનાચાર મધ્યે કાળ નામે આચાર ... ૧૪૪
અનધ્યાયનું સ્વરૂપ. ૧૪૬

જાહેર ખબર.

સર્વે જૈન બંધુઓને ખબર આપવામાં આવે છે કે શાસ્ત્રી ટાઇપથી પ્રગટ થએલાં પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી રોકડેથી મળી શકશે. પરદેશ વાળાને ટપાલ ખરચ જુદું પડશે

જીવ વિચાર—(ગાથા મૂળ સળંગ થી લાઇન પૈકાના ટાઇપથી) ગાથાઓના છુટા શબ્દોના અર્થ, તથા મૂળ, શબ્દાર્થ, વિસ્તારાર્થ તથા તેના છુટા બોલ અને સવાલ. કિ. ૦—૪—૬.

નવતત્વ—(ગાથા મૂળ સળંગ થીલાઇન પૈકા ટાઇપથી) ગાથાઓના છુટા શબ્દોના અર્થ, ગાથા મૂળ, શબ્દાર્થ, વિસ્તારાર્થ તથા તેના છુટા બોલ પાકા પુંઠાવાળી કિ. ૦-૮-૦

દંડક તથા લઘુ સંઘયણી—(ગાથા સળંગ થી લાઇન પૈકા ટાઇપથી) ગાથાઓના છુટા શબ્દોના અર્થ, ગાથા મૂળ, શબ્દાર્થ, વિસ્તારાર્થ, તથા તેના છુટા બોલ કિ. ૦—૬—૦

जैन बोल संग्रह भाग १ लो.

માર્ગાનુસારીના ૩૫ બોલ.

૧ ન્યાય સંપન્ન વિભવઃ--ન્યાયથી ધન મેળવવું એટલે સ્વામિદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવું, ચોરી કરવી, થાપણ ઓળવવી વીગેરે નિંદવા યોગ્ય કામ ત્યાગ કરીને ધન ઉપાર્જન કરવું.

૨ શિષ્ટાચાર પ્રશંસા=ઉત્તમ પુરૂષોનાં આચરણના વખાણ કરવાં.

૩ સરખા કુળાચાર વાળા પણ અન્ય ગોત્રી, સાથે વિવાહ કરવો.

૪ પાપના કામથી ડરવું.

૫ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

૬ કોઈનો અવર્ણવાદ બોલવો નહીં.

૭ જે ઘરમાં પેસવા નિંકળવાના અનેક રસ્તા નથી તેમજ જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય

તેવા ઘરમાં રહેવું.

૮ સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯ માતા તથા પિતાની પૂજા કરવી એટલે તેમનો સર્વે રીતે વિનય સાચવવો અને તેમને પ્રસન્ન રાખવાં.

૧૦ ઉપદ્રવવાળાં સ્થાનકનો ત્યાગ કરવો એટલે લડાઈ, દુકાળ વગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં.

૧૧ નિંદિત કામમાં ન પ્રવર્તવું એટલે નિંદવા યોગ્ય કામ ન કરવાં.

૧૨ આવક પ્રમાણે ખરચ રાખવું.

૧૩ ધનને અનુસરતો વેષ રાખવો એટલે પૈસા પ્રમાણે પોશાકી રાખવી.

૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા, તે આઠ ગુણનાં નામ. ૧ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા, ૨ શાસ્ત્ર સાંભળવું, ૩ તેનો અર્થ સમજવો, ૪ તે યાદ રાખવો, ૫ ઈહ=

તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન, ૬ અપોહ એટલે વિશેષ જ્ઞાન, ૭ ઉહાપોહથી સંદેહ ન રાખવો, ૮ તત્વજ્ઞાન એટલે આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ નિત્ય ધર્મને સાંભળવો જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬ પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યાર પછી નવું ભોજન કરવું.

૧૭ જ્યારે ખરી ભુખ લાગે ત્યારે ખાવું, પણ એકવાર ખાધા પછી તરતજ મીઠાઇ વગેરે આવેલું જોઈ લાલચથી તે ઉપર ખાવું નહીં કારણકે અપચો થાય.

૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ સાચવા.

૧૯ અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આ

૨૦ નિરંતર અભિનિવેષ રહીત રહેવું એ

કોઈને પરાભવ કરવાના પરિણામે કરા

અનીતિથી કામનો આરંભ કરવો નહીં.

૨૧ ગુણી પુરૂષોનો પક્ષપાત કરવો એટલે તેમનું બહુ માન કરવું.

૨૨ નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો એટલે રાજા તથા લોકોએ નિષેધ કરેલા દેશકાળમાં જવું નહીં.

૨૩ પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો.

૨૪ પોષણ કરવા યોગ્ય એવાં માતપિતા સ્ત્રી પુત્રાદીકનું ભરણપોષણ કરવું.

૨૫ વ્રતને વિષે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પૂજવા એટલે તેમનો સારી રીતે વિનય સાચવવો.

૨૬ દીર્ઘદર્શી એટલે જે કામ કરે તેમાં લાંબી દ્રષ્ટી ફેરવી તેનાં શુભાશુભ ફળનો તપાસ કરી આદરવું.

૨૭ વિશેષજ્ઞ એટલે હરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષનો તપાસ કરવો.

૨૮ કૃતજ્ઞ (કર્યા કામનો જાણ) એટલે કરેલા ઉપકારને તથા અપકારને સમજવો.

૨૯ લોકપ્રિય એટલે વિનયાદિ ગુણે કરી લોકપ્રિય થવું.

૩૦ લજ્જાળુ (લાજવાળો) એટલે લાજ મર્યાદામાં રહેવું.

૩૧ દયાળુ એટલે દયા ભાવ રાખવો.

૩૨ સુંદર આકૃતિવાન એટલે ક્રૂર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો.

૩૩ પરોપકારી એટલે પરને ઉપકારી થવું.

૩૪ અંતરંગારિજિત એટલે કામ ક્રોધ લોભ માન મદ તથા હર્ષ એ છ અંતર વેરીને જીતવા.

૩૫ વશીકૃતેંદ્રિયગ્રામ એટલે ઇંદ્રિયોના સમુહને વશ કરવા એટલે સર્વે ઇંદ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

બાળ જીવોને યાદ કરવા સુગમ પડે માટે ઉપરના માર્ગાનુસારીના પાંત્રીસ બોલ સંક્ષેપથી લખ્યા છે. વિવરણ ગ્રંથાતરોમાંથી જોઇ લેવું.

ભવાભિનંદી જીવોનાં લક્ષણ.

પાંચ ઇંદ્રિયોનાં વિષયસુખ પરમારથે કરી દુઃખકારીછે તોપણ તેને વિષે જે જીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તેને ભવાભિનંદી કહીએ. તેમનાં લક્ષણ નીચે મુજબઃ—

૧ અહારને અર્થે એટલે જો હું સામાયક પોસો તથા દેશાવકાસાદિક ધર્મકરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મકરણી કરવી તે.

૨ પૂજાવાને અર્થે ધર્મ કરે એટલે જો હું ધર્મ કરણી કરીશ તો લોકમાં પૂજનીક થઇશ એવો અભિપ્રાય રાખવો તે.

૩ ઉપધી એટલે વસ્ત્ર પાત્રાદિકને અર્થે ધર્મ કરણી કરવી તે.

૪ રિદ્ધિ ગારવ એટલે શ્રાવક પોતાના કરવાને અર્થે એટલે જો ધર્મકરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એમનાથી મારૂં

ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મ કરણી કરવી તે.

૫ ક્ષુદ્ર એટલે અગંભીર હોય એટલે પારકાં છીદ્ર ખોળતો ફરે અને લોકોના કિંચિત્ અવગુણ દેખી લોકોની આગળ વિશેષ-પણે કહેતો ફરે અને પોતાના અવગુણ ઢાંકે અને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે એ-ટલે હરેક રીતે પોતાનો ગુણ પ્રગટ થાય એમ લોકોની આગળ બોલવું તે.

૬ લોભને વિષે એટલે પુદ્ગળ ભાવને વિષે એટલે ધન ધાન્ય વસ્ત્ર પાત્ર, જશ કીર્તિ મેળવવાને વિષે તત્પર એટલે લીન કે આસક્ત રહેવું તે.

૭ દીન એટલે પુદ્ગળ ભાવના વિયોગે કરીને રાંક એટલે આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હું શું ખાઈશ અને હવે હું કેમ કરીશ, હવે મારા કુટુંબનો નિર્વાહ કેમ ચાલશે એવી ચિંતા કરે પણ

આત્મસ્વરૂપનો કાંઇપણ વિચાર કરે નહીં તે.
૮ મત્સરી એટલે પારકા ગુણને ન સહે તે.
૯ ભયવાન એટલે પુદ્ગલાદિક વસ્તુના વિયોગનો ભય કરવો તે.
૧૦ શઠ એટલે કપટી.
૧૧ અજ્ઞાની એટલે સર્વ વસ્તુનો અજાણ.

ઉપર લખેલાં અગીઆર લક્ષણો હરેક જણે વર્જવાં અને ધર્મકરણી કરતાં તો વિશેષપણે વર્જવાં.

મિથ્યાત્વના બોલનો વિસ્તાર

ચાર પ્રકાર.

૧ પ્રરૂપણા મિથ્યાત્વઃ—શ્રી જિનેશ્વરભાષિત અર્થથી અવળી પ્રરૂપણા કરવી તે.
૨ પ્રવર્ત્તન મિથ્યાત્વઃ—લૌકીક તથા લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી તે.
૩ પરિણામ મિથ્યાત્વઃ—મનમાં જુઠો હઠવાદ રાખે અને કેવળી ભાષિત નવ ત-

ત્વના અર્થ યથાર્થ ન સદહે તે.

૪ પ્રદેશ મિથ્યાત્વઃ—સત્તાગતમાં રહેલી મો-હનીકર્મની સાત પ્રકૃતિ તે.

દશ પ્રકાર.

૧ ધર્મને અધર્મ કહેવોઃ—જિનેશ્વર ભાષિત શુદ્ધ ધર્મને અધર્મ કહેવો તે.

૨ અધર્મને ધર્મ કહેવોઃ—હિંસાદી પાંચ આશ્રવ સહિત અશુદ્ધ એવા અધર્મને ધર્મ કહેવો.

૩ માર્ગને ઉન્માર્ગ કહેવો—સમકિત સહિત સંવર ભાવ સેવુન કરવારૂપ માર્ગને ઉ-ન્માર્ગ કહેવો તે.

૪ ઉન્માર્ગને માર્ગ કહેવો—કુદેવ, કુગુરૂ, કુ-ધર્મને સેવન કરવો તેને માર્ગ કહેવો તે.

૫ સાધુને અસાધુ કહેવાં તે—સત્તાવીસ ગુણ યુક્ત તરણતારણ જહાજ સમાન, શુદ્ધ પ્રરૂપક; એવા સાધુને અસાધુ કહેવા તે.

૬ અસાધુને સાધુ કહેવા તે—આરંભ પરિગ્રહ વિષયકષાયના ભરેલા લોભી,ખોટી શ્રદ્ધા કરાવનાર, લોહના નાવ સમાન, અસાધુને સાધુ કહેવા તે.

૭ જીવને અજીવ કહેવો તે—એકેંદ્રિયાદિક જીવને અજીવ કહેવો તે.

૮ અજીવને જીવ કહેવો તે—સોના રૂપાની વીંટી આદિક અજીવને જીવ કહેવો તે.

૯ મૂર્તને અમૂર્ત કહેવો તે—પવન રૂપી પદાર્થ જેવાને અરૂપી કહેવા તે.

૧૦ અમૂર્તને મૂર્ત કહેવો તે-જીવ તથા ધર્માસ્તિકાયાદિ અરૂપી પદાર્થને રૂપી કહેવાતે.

પાંચ પ્રકાર

૧ અભિગ્રહીક:-ખરા ખોટાની પરિક્ષા કર્યા વિના પોતાની મતિમાં આવ્યું તે સાચું માને તે.

૨ અનભિગ્રહીક...સર્વ ધર્મ સારા છે. સર્વ

દર્શન રૂડાં છે, સૌને વંદીએ, કોઇને નિં-
દિએ નહીં એમ વિખ અને અમૃત સ-
રખાં ગણવાં તે.

૩ અભિનીવેશીક—જાણીને જુઠું બોલે, પો-
તાના અજ્ઞાનથી ભુલ પરે છતે ખોટી
પ્રરૂપણા કરે અને કોઇ સમકિત દ્રષ્ટિ
સમજાવે તોપણ હઠ ન મૂકે તે.

૪ સંશયિક—જિન વાણીમાં શંશય રાખે,
એટલે પોતાના અજ્ઞાનથી સિદ્ધાંતનાઅર્થ
સમજે નહીં તેથી ડગમગતો રહે તે.

૫ અનાભોગિક અજાણપણે કાંઇ સમજે
નહીં તે અથવા એકેંદ્રિયાદિક જીવને અ-
નાદિકાળનું લાગે છે તે.

છ પ્રકાર..

૧ લોકીક દેવગત:—રાગ, દ્વેષના ભરેલા લો-
કીક દેવને માને, પુજે, તેમનો કહેલા
માર્ગ ચાલે તે.

૨ લૌકીક ગુરૂગત:—અઢાર પાપસ્થાનકના ભરેલા નવા નવા વેશ બનાવનારા અન્ય દર્શનીના ગુરૂને ગુરૂ માનવા તથા બહુ માન કરવું તે.

૩ લૌકીક પર્વગત:—આ લોકમાં પુદ્દગલીક સુખની ઇચ્છાએ મિથ્યાત્વી લોકે કલ્પેલા હોળી બળેવાદિક પર્વને શ્રદ્ધાએ આરાધવાં તે.

૪ લોકોત્તર દેવગત:—અઢાર દોષરહીત અરિહંત દેવની આગળ આ લોક પરલોકના પુદ્દગલીક સુખની વાંચ્છાએ માનતા માનવી તે.

૫ લોકોત્તર ગુરૂગત:—અઢાર પાપસ્થાનક સેવનાર, છકાયનો આરંભ કરનાર એવા જિનના સાધુનો વેષ ધરનારને ગુરૂ માનવા તે તથા શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્ર સહિત એવા મુનિરાજને આ લોક પરલોકના સુખની વાંચ્છાએ વાંદવા, પૂજવા, પડિલાભવા ,તે.

૬ લોકોત્તર પર્વગતઃ—જિનરાજના કલ્યાણ-કના દિવસે તથા આઠમ ચોદશાદિ પર્વના દિવસે આ લોક પરલોકના સુખને અર્થે આંબેલ, એકાસણાદિ તપ કરવો તે.

ઉપરનાં મિથ્યાત્વ સારી રીતે સમજીને ટાળવાનો ખપ કરવો.

સમકિતના ૬૭ બોલ.

૪	સદ્દહણાં	૫	ભૂષણ
૩	લિંગ	૫	લક્ષણ
૧૦	વિનય	૬	જતના
૩	શુદ્ધિ	૬	આગાર
૫	દૂષણ	૬	ભાવના
૮	પ્રભાવક	૬	સ્થાન

ચાર સદ્દહણા.

૧ જીવાદિક નવ તત્ત્વનો અભ્યાસ કરવો, વિચાર કરવો.

૨ સાધુ મુનીરાજની સેવા કરવી.
૩ પાસથ્થા, કુશીલીઆ, વેશવિડંબક એવા સમકીતથી ભ્રષ્ટનો સંગ કરવો નહીં.
૪ અન્યદર્શની, મિથ્યાદ્રષ્ટિનો સંગ ન કરવો.

ત્રણ લિંગ.

૧ સિદ્ધાંત એટલે વીતરાગની વાણી સાંભળવાની અતિ અભિલાષા.
૨ ચારિત્ર ધર્મ એટલે વ્રત પચ્ચખાણ કરવાની અતિ અભિલાષા.
૩ દેવ ગુરૂ પ્રમુખ ઊત્તમ પુરૂષોની વૈયાવૃત્ય કરવામાં સાવધાન.

દશ વિનય.

૧ અરિહંત દેવનો
૨ સિદ્ધ ભગવાનનો
૩ જીન પ્રતિમાનો
૪ શ્રૂત ધર્મનો
૫ ચારિત્ર ધર્મનો
૬ સર્વ સાધુનો
૭ આચાર્યનો.
૮ ઉપાધ્યાયનો
૯ ચતુર્વિધ સંઘનો
૧૦ સમ્યક્ દર્શનનો

વિનય એટલે સેવા, ભક્તિ, બહુમાન, અંતરંગ પ્રેમ, ગુણ ગ્રામ કરવા તથા અવગુણ છોડવા, આશાતના ટાળવી. તેમાં દેવની ૮૪ અને ગુરૂ સંબંધી ૩૩ આશાતના ટાળવી.

ત્રણ શુદ્ધિ.

૧ મનશુદ્ધિ એટલે વિતરાગનો ભાખ્યો ધર્મ સાર છે બીજું કાંઈ સંસારમાં સાર નથી એવો ઉપભાવ તે.

૨ વચન શુદ્ધિ એટલે જીનધર્મ આરાધતાં કલ્યાણ નહીં હોય તો બીજાથી કેમ હોય કલ્યાણ તો વીતરાગના ધર્મ થકીજ છે બીજાથી કલ્યાણ નથી એમ કહેવું તે.

૩ કાયશુદ્ધિ એટલે કોઈ છેદા, ભેદા અનેકપ્રકારની પીડા ઉપજાવો, પણ વીતરાગ શીના બીજાની આગળ મસ્તક ન નમાવવું તે.

પાંચ દૂષણ.

૧ શંકા એટલે વીતરાગના વચનમાં સંશય કરવો.

૨ કાંક્ષા એટલે જીનમત વિના બીજા મત-
ની વાંછા કરવી.
૩ વિચિકિત્સા એટલે ધર્મના ફળ વિષે સં-
દેહ કરવો.
૪ પ્રશંસા એટલે કુલિંગી, દ્રવ્યલિંગી પા-
ખંડી લોકોની પ્રશંસા કરવી.
૫ સંસ્તવ એટલે ઉપર બતાવેલા પાખંડી
લોકનો પરિચય કરવો. એ પાંચ દૂષણ
વર્જવાં.

આઠ પ્રભાવક.

૧ જીનમત પરમતના શાસ્ત્રનો જાણ.
૨ ધર્મ ઉપદેશનો દેનાર.
૩ ન્યાયથી વાદ કરનાર.
૪ નિમિત્તનો જાણ.
૫ ક્ષમાવંત નિર્લોભી, તપસ્વી.
૬ વિદ્યા મંત્રનો જાણ.
૭ સિદ્ધ સંપન્ન (આકાશ પ્રવેશની વિદ્યા-
એ સહિત.)

૮ કવિ.

ઉપર કહેલા આઠ જીનમત દીપાવનાર કહીએ. એવા થવાનો ઉદ્યમ કરવો જેથી જી-ન ધર્મ દીપાવવામાં આવે અથવા એવા પુરૂષોની તેમના સમકીતવંત ગુણ જોઇને સે-વા કરવી.

પાંચ ભૂષણ

૧ જિનમાર્ગને વિષે કુશળ હોય.
૨ જિનશાસનની પ્રભાવના એટલે દીપાવવું અથવા વૃદ્ધિ થાય તેમ કરવું.
૩ ગીતાર્થ મુનિરાજ અને તીર્થની સેવા કરવી.
૪ જૈનધર્મને વિષે દ્રઢતા રાખવી.
૫ દેવ, ગુરૂ તથા સિદ્ધાંતનો વિનય વૈયાવચ્ચ કરવો.

પાંચ લક્ષણ.

૧ ઉપશમ એટલે ક્રોધ, માન, માયા ને લોભ

એ ચાર કષાયનું ટાળવું તે.

૨ સંવેગ એટલે મોક્ષના સુખની અભિલાષા રાખવી.

૩ નિર્વેદ એટલે સંસારના દુઃખ થકી ઉદાસ રહેવું.

૪ અનુકંપા એટલે જીવનો દુઃખ થકી નિવારણ કરવાની ઇચ્છા અર્થાત સર્વ જીવને વિષે દયાભાવ રાખવો.

૫ આસ્તિકય એટલે શ્રી વીતરાગે ભાખ્યું તે સત્ય છે, જુઠ કાંઈ પણ નથી, એવી દ્રઢ આસ્તા રાખવી.

૭ જતના.

૧ પરતીર્થિકાદિ વંદન એટલે અન્યતીર્થિ અન્યતીર્થિના દેવ તથા અન્યતીર્થિની ગ્રહણ કરેલી પ્રતિમાને વંદન કરવું નહિ એટલે તેમની આગળ બે હાથ જોડવા નહીં.

૨ નમસ્કરણ એટલે તેમને નમસ્કાર કરવો નહીં એટલે તેમની આગળ માથું નમા-

વવું નહી.

૩ આલાપન એટલે તેમની સાથે પ્રથમ બોલવું નહીં.

૪ સંલાપન એટલે તેમની સાથે વારંવાર બોલવું નહીં.

૫ અશનાદિદાન એટલે ખાવાપીવાનું ધર્મ બુદ્ધિએ આપવું નહીં.

૬ ગંધ પુષ્પાદિ પ્રેષણ એટલે તેમને ગંધ પુષ્પાદિ મોકલવાં નહીં.

૭ આગાર.

૧ રાજાભિયોગ એટલે રાજાના કહેવાથી કરવું.

૨ ગણાભિયોગ એટલે ઘણા લોકોના કહેવાથી કરવું.

૩ બળાભિયોગ એટલે બળવાનના કહેવાથી કરવું.

૪ સુરાભિયોગ એટલે દેવતાદિકની હઠથી કરવું.

૫ કાંતારવૃત્તી એટલે આજીવીકાને વાસ્તે કરવું.

૬ ગુરૂનિગ્રહ એટલે માતાપિતા કળાચાર્ય પ્રમુખના કહેવાથી કરવું.

આ છ આગાર પોતાની મરજી ન છતાં લાચારીથી તેમના કહેવાથી સેવવા.

છ ભાવના.

૧ સમકિત કેવું છે? ચારિત્ર ધર્મરૂપીઝાડનું મૂળ છે.

૨ વળી સમકિત કેવું છે તો ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાનું બારણું છે.

૩ આ સમકિત ચારિત્ર ધર્મરૂપી મહેલનો મૂળ પાયો છે.

૪ વળી સમકિત જ્ઞાન ચારિત્રાદિ ગુણરૂપ રત્નનો નિધિ છે.

૫ વળી સમકિત કેવું છે તો ચારિત્રરૂપી જીવીતપણાનો આધાર છે.

૬ વળી સમકિત શ્રુતચારિત્રરૂપીરસનું પાત્રછે.

છ સ્થાન.

૧ જીવ છેજ.
૨ જીવ નિત્ય છે.
૩ જીવ કર્મનો કર્તા છે.
૪ જીવ કર્મનો ભોગવનાર છે.
૫ જીવને મોક્ષ છે.
૬ જીવને મોક્ષનો ઉપાય છે એટલે કર્મરહિત થવાનો ઉપાય છે.

શો ઉપાય છે ? સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. ઇતિ સમકિતના ૬૭ બોલ સંક્ષેપે સંપૂર્ણ.

શ્રાવકના ૨૧ ગુણ.

(૧) અક્ષુદ્ર	(૨) રૂપવાન
(૩) શાંત પ્રકૃતિવાળો	(૪) લોકપ્રિય
(૫) અક્રૂર	(૬) પાપભીરૂ
(૭) અશઠ	(૮) દાક્ષિણ્યતાવાન
(૯) લજ્જાળુ	(૧૦) દયાળુ

(૧૧) મધ્યસ્થસૌમદૃષ્ટી (૧૨) ગુણરાગી
(૧૩) સત્કથાખ્ય (૧૪) સુપક્ષયુક્ત
(૧૫) દીર્ઘદર્શી (૧૬) વિશેષજ્ઞ
(૧૭) વૃદ્ધાનુગામી (૧૮) વિનયી
(૧૯) કૃતજ્ઞ (૨૦) પરહિતાર્થકારી
(૨૧) લબ્ધલક્ષ્ય.

૧ અક્ષુદ્ર—જે છીછરી બુદ્ધિવાળો ન હોય, સ્વપરને ઉપકાર કરવા સમર્થ હોય, પારકાં છીદ્ર ખોલે નહીં એવો ગંભીર હોય તે.

૨ રૂપવાન—સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઇંદ્રિયોથી સુંદર દેખાતો, સારા બાંધાવાળો, એવો હોય તે.

૩ શાંત પ્રકૃતિવાન—સ્વભાવે શાંત પ્રકૃતિવાળો, પ્રાયે પાપ ભરેલા કામમાં નહીં પ્રવર્તે, સુખે સેવવા યોગ્ય તથા બીજાઓને શાંતિ આપનાર હોય તે.

૪ લોકપ્રિય—જે પુરૂષ દાતાર, વિનયવંતઅને સુશીલ થઇ આ લોક અને પરલોકથી

જે વિરૂદ્ધ કામ હોય તે ન કરે, તે લોક પ્રિય થઇને લોકોમાં ધર્મનું બહુમાન ઉપજાવ.

૫ અક્રૂર—અકિલષ્ટ પરિણામી જે હોય તે.

૬ પાપભીરૂ—આ લોક પરલોકનાં સંકટો વિચારીનેજ પાપમાં ન પ્રવર્તે અને અપયશના કલંકથી ડરતો રહે તે.

૭ અશઠ—બીજાને ઠગે નહી, તેથી વિશ્વાસ કરવા યોગ્ય તથા વખાણવા લાયક થાય અને ભાવપૂર્વક ઉદ્યમ કરે તે.

૮ દાક્ષિણ્યતાવાન—સુદાક્ષિણ્ય ગુણવાળો, પોતાનો કામધંધો મુકીને બીજાને ઉપકાર કરતો રહે તેથી તેનું વાક્ય સૌ કબુલ રાખે તથા સૌ તેના પછવાડે ચાલે તેવો હોય તે.

૯ લજ્જાળુ—લજ્જાળુ પુરૂષ નાનામાં નાના અકાર્યને પણ દૂર વર્જે છે તેથી તે સદાચાર આચરે છે ચાને કે ીકારેલી વાતને કોઈપણ દિવસ મૂકે નહીં તે.

૧૦ દયાળુ—દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુકૂળજ સઘળું અનુષ્ઠાન જૈન સિદ્ધાંતમાં કહેલું છે માટે તેવા ગુણવાળો હોય તે.

૧૧ મધ્યસ્થ અને સૌમદૃષ્ટી—ખરા ધર્મવિચારને સાંભળનારો, ગુણો સાથે જોડાએ દોષને દુર તજનારો સર્વ સ્થળે રાગદ્વેષરહિત હોય તે.

૧૨ ગુણરાગી—ગુણવાન માણસોનું બહુમાન કરનારો, નિર્ગુણીઓની ઉપેક્ષા કરનારો ગુણનો સંગ્રહ કરનારો, અને પામેલા ગુણોને મલીન ન કરે તે.

૧૩ સત્કથાખ્ય—ઉત્તમ પુરૂષોનાં ચરીત્ર કહેનાર થવું એટલે અશુભ કથાના પ્રસંગથી કલુષિત થયું નથી મન જેનું એવા વિવેકી થવું તે.

૧૪ સુપક્ષયુક્ત—જેનો પરિવાર અનુકુળ અને ધર્મશીળ હોઈ સદાચાર યુક્ત હોય તે.

૧૫ દીર્ઘદર્શી—પરિણામે સુંદર કામ એટલે

બહુ લાભ ને થોડી મહેનતવાળું હોય અને કેળવાયેલા માણસને વખાણવા લાયક હોય તેવાં કામ કરનારો હોય તે.

૧૬ વિશેષજ્ઞ—અપક્ષપાતપણે વસ્તુઓના ગુણદોષ જાણનારો હોય તે.

૧૭ વૃદ્ધાનુગામી—જ્ઞાનાદી ગુણે કરી વૃદ્ધ માણસની પાછળ ચાલનારો હોય તે.

૧૮ વિનયી—જેનાવડે આઠ પ્રકારના કર્મનો નાશ કરાય એવા સમ્યક્ જ્ઞાનદર્શનાદી ગુણોએ કરી સહિત.

૧૯ કૃતજ્ઞ--કરેલા ગુણને બરાબર જાણનાર હોય એટલે વિના કારણે ઉપકાર કરનાર ગુરૂ મહારાજને પણ ખરી બુદ્ધિથી પરમ ઉપકારી ગણીને તેમનું બહુ માન કરનારો હોય તે.

૨૦ પરહિતાર્થકારી—પારકાનું હિત કરવામાં તૈયાર રહેનાર તથા બીજાને ખરો ધર્મ પમાડવામાં તત્પર હોય.

૨૧ લબ્ધલક્ષ્ય--પ્રાપ્ત થયું છે જાણવા લાયક અનુષ્ઠાન તે જેને એવો પુરૂષ તે સુખે કરીને સઘળું ધર્મ કર્તવ્ય જાણી શકેછે.

ભાવ શ્રાવકનાં ૬ લિંગ.

૧ કૃતવ્રતકર્મ--વ્રતની ફરજો બજાવનાર હોય તેના ચાર ભેદ (૧) આકર્ણન=સાંભળવું, (૨) જ્ઞાન એટલે સમજવું, (૩) ગ્રહણ એટલે સ્વીકારવું,(૪, પ્રતિસેવન=બરાબર પાળવું તે.

૨ શીળવાન હોય—તેના છ ભેદ છે. (૧) આયતન=ધર્મીજનોને મળવાનું સ્થાન તે સેવે. (૨) પ્રયોજન વીના પારકા ઘરમાં ન પેસે તે. (૩) હમેશાં સાદો વેશ પહેરે તે તે. (૪) વિકારવાળાં વચન ન બોલે તે. (૫ બાળક્રીડા વર્જે એટલે મૂર્ખ લોકોને આનંદ થાય એવાં જુગારાદિ. કર્મ વર્જે (૬) મીઠાં વચનેં કામ સિદ્ધ કરે તે.

૩ ગુણવાનપણું—તેના પાંચ ભેદ છે. (૧) સ્વાધ્યાયમાં તત્પર. (૨) ક્રિયાનુષ્ટાનમાં તત્પર. (૩) વિનયમાં તત્પર. (૪) સર્વ બાબતમાં કદાગ્રહ રહીત. (૫) જીનાગમમાં રૂચીવંત.

૪ ઋજુવ્યવહાર—સરળપણે ચાલવું. તેના ૪ પ્રકાર છે. (૧) યથાર્થ કહેનાર (૨) અવંચકક્રિય=વેચવા સાટવામાં એકવચની અને જુઠી સાક્ષી ન પુરનાર તે (૩) છતા અપરાધનો પ્રકાશક. (૪) ખરા ભાવથી નિષ્કપટ મૈત્રી કરનાર.

૫ ગુરૂશુશ્રૂષા—તેના ચાર ભેદ છે. (૧) શુશ્રૂષા=ગુરૂજનની સેવા કરવી. (૨) કારણ=બીજાને ગુરૂજનની સેવામાં પ્રવર્તાવે. (૩) ઔષધ ભૈસજ=ગુરૂને ઓસડવેસડ કરવાં. (૪) ભાવ=ભાવ સહીત ગુરૂમહારાજની સેવા કરે.

૬ પ્રવચન કુશળ—તેના છ ભેદ. (૧) સૂત્ર કુશળ સૂત્રમાં પ્રવીણ હોય. (૨) અર્થ

કુશળ=અર્થમાં નિપુણ. (૩) ઉત્સર્ગ કુશળ=સામાન્ય કથનમા હોંશીઆર. (૪) અપવાદ કુશળ=વિશેષ કથનમાં પ્રવીણ હોય. (૫) ભાવમાં કુશળ=વિધિ સહીત ધર્મકાર્ય કરવામાં તથા અનુષ્ઠાનકરવામાં હોંશીઆર. (૬) વ્યવહાર કુશળ=ગીતાર્થ પુરૂષોનાં આચરણમાં કુશળ હોય.

ભાવ શ્રાવકનાંભાવગત ૧૭ લક્ષણ.

૧ સ્ત્રી ૨ ઈંદ્રિય ૩ અર્થ એટલે પૈસો
૪ સંસાર ૫ વિષય ૬ આરંભ
૭ ઘર ૮ દર્શન ૯ ગાડરી પ્રવાહ.

૧૦ આગમ પુરસ્સર પ્રવૃત્તિ. ૧૧ યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ ૧૨ વિધિ ૧૩ અરક્તદ્વિષ્ટ ૧૪ મધ્યસ્થ ૧૫ અસંબદ્ધ ૧૬ પરાર્થકા મોપભોગી ૧૭ વેશ્યાવત્ ઘરવાસ પાળનાર.

ઉપરનાં સત્તર પદથી સમાસ કરી ભાવ શ્રાવકનાં ભાવગત લક્ષણ કહ્યાં તે નીચે મુજબ.

૧ સ્ત્રી—સ્ત્રીને અનર્થની ખાણ, ચંચળ અને નરકની વાટ સમાન જાણતો થકો હીત

કામીપુરૂષ તેને વશવર્તી ન થાય.

૨ ઇંદ્રિય—ઇંદ્રિયો રૂપ ચપળઘોડાઓ હમેશાં દુર્ગતિના માર્ગ તરફ દોડનારા છે. તેમને સંસારનું સ્વરૂપ સમજનારો પુરૂષ સમ્યક્ જ્ઞાનરૂપ રસી (ઝોરડી)થી રોકી રાખેછે.

૩ અર્થ—ધન સકળ અનર્થનું નિમીત્ત ને આયાસ તથા કલેશનું કારણ હોવાથી અસાર છે એમ જાણીને ધીમાન્ પુરૂષ તેમાં લગારે લોભાતો નથી.

૪ સંસાર—સંસારને દુઃખરૂપ, દુઃખફળ, દુઃખાનુબંધી તથા વીટંબનારૂપ અને અસાર જાણીને તેમાં રતિ ન કરે.

૫ વિષય—ક્ષણમાત્ર સુખદાઇ વિષયોને હમેશાં વિષ સમાન ગણીને ભવભીરૂ તથા તત્ત્વાર્થને સમજનાર પુરૂષ વિષયોમાં વૃદ્ધિ ન કરે.

૬ આરંભ—તીવ્ર આરંભ વર્જે. નિર્વાહનહીં થતાં કદાચ કાંઇ કરવું પડે તો અણઇચ્છા

થી કરે તથા નિરારંભી જનને વખાણે અને સર્વ જીવોમાં દયાળુ રહે તે.

૭ ઘર—ઘરવાસને પાસ (ફાંસાની માફક) માનતો થકો દુઃખીત થઇને તેમાં વસે અને ચારિત્ર મોહનીય કર્મ જીતવાને ઉદ્યમ કરે.

૮ દર્શન—આસ્તિક્ય ભાવ સહીત રહે. પ્રભાવના અને વર્ણવાદ (પ્રશંસા) વગેરે કરતો રહે અને ગુરૂની ભક્તિયુક્ત હોઇ નિર્મળ દર્શન ધારણ કરે.

૯ ગડુરી પ્રવાહ—ગાડરીયા પ્રવાહથી ગતાનુગતીક (વગર વિચારે) લોકસંજ્ઞાનો પરિહાર કરી ધીરપુરૂષ બરાબર વિચારીને દરેક ક્રિયા કરે.

૧૦ આગમ—પરલોકના માર્ગમાં જીનાગમ સિવાય બીજું પ્રમાણ નથી માટે આગમ પુરસ્સરજ (આગમમાં કહ્યા મુજબ) સર્વ ક્રિયા કરે તે.

૧૧ યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ—શક્તિ ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ અને જેમ રૂડું થાય તેમ સુમતિવાન પુરૂષ દાનાદિક ચતુર્વિધ ધર્મને આચરે છે.

૧૨ વિધિ—ચિંતામણી રત્ન માફક દુર્લભ, હિતકારી નિર્દોષ ક્રિયા પામીને તેને ગુરૂએ કહેલી વિધિપૂર્વક આચરતો થકો મુગ્ધ જનોના હસવાથી શરમાય નહીં.

૧૩ અરક્તદ્વિષ્ટ—શરીરની સ્થિતિનાં કારણ ધન સ્વજન આહાર ઘર વિગેરે સાંસારિક પદાર્થોમાં પણ અરક્તદ્વિષ્ટ (રાગદ્વેષ રહિત થઇને રહે.

૧૪ મધ્યસ્થ—ઉપશમ ભરેલા વિચારવાળો હોય કેમકે તે રાગદ્વેષે ફસાયેલો હોતો નથી માટે હિતાર્થી પુરૂષ મધ્યસ્થ રહીને સર્વથા અસદ્ગ્રહનો ત્યાગ કરે છે.

૧૫ અસંબદ્ધ—સમસ્ત વસ્તુઓ ક્ષણભંગુર છે એમ નિરંતર ભાવતો થકો ધન વી-

ગેરેમાં સંબદ્ધ (જોડાયેલો) છતાં પણ પ્રતિબંધ (મૂર્છારૂપ સંબંધ) ન કરે તે.

૧૬ પરાર્થકામોપભોગી—સંસારથી વિરક્ત મન રાખી ભોગોપભોગથી તૃપ્તિ થતી નથી એમ જાણી કામભોગોમાં પરની અનુવૃત્તિથી વર્તે એવો હોય તે.

૧૭ વેશ્યાવત્ ઘર વાસ પાળનાર—વેશ્યાની માફક નિરાશંસ રહી આજ કાલ છોડીશ એમ ચિંતવતો રહી ઘરવાસ પરાયો હોય તેમ ગણીને શિથિલ ભાવે પાળે તે.

॥ અથ શ્રી પાંત્રીસ બોલ ॥.

૧ લે બોલે ગતિ ચાર—૧ દેવગતિ, ૨ મનુષ્યગતિ. ૩ તિર્યંચગતિ. ૪ નરકગતિ.

૨ જાતિ પાંચ—૧ એકેંદ્રિય, ૨ બે ઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરિંદ્રિય, ૫ પંચેંદ્રિય.

૩ કાય છ—૧ પૃથ્વીકાય, ૨ અપ્પકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય.

૪ ઇંદ્રિય પાંચ—૧ સ્પર્શેંદ્રિય, ૨ રસેંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ ચક્ષુરિંદ્રિય. ૫ શ્રોતેંદ્રિય

૫ પર્યાપ્તિ છ—૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પર્યાપ્તિ. ૩ ઇંદ્રિય પર્યાપ્તિ ૪ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષા પર્યાપ્તિ, ૬ મન પર્યાપ્તિ.

૬ પ્રાણ દશ—૧ ફરસઇંદ્રિય, ૨ રસઇંદ્રિય, ૩ ઘ્રાણઇંદ્રિય, ૪ ચક્ષુઇંદ્રિય, ૫ શ્રોતઇંદ્રિય, ૬ મનબળ, ૭ વચનબળ, ૮ કાયબળ, ૯ શ્વાસોચ્છ્વાસ, ૧૦ આયુષ્ય.

૭ શરીર પાંચ—૧ ઔદારિક શરીર, ૨ વૈક્રિય શરીર, ૩ આહારક શરીર, ૪ તૈજસ શરીર, ૫ કારમણ શરીર.

૮ જોગ પંદર—૪ મનના, ૪ વચનના, ૭ કાયાના.

મનના ચાર નીચે મુજબ:—

૧ સત્ય મનજોગ, ૨ અસત્ય મનજોગ, ૩ મિશ્ર મનજોગ, ૪ વ્યવહાર મનજોગ.

વચનના ચ્યાર નીચે મુજબ:—

૧ સત્ય ભાષા, ૨ અસત્ય ભાષા, ૩ મિશ્રભાષા, ૪ વ્યવહાર ભાષા.

કાયાના સાત નીચે મુજબ:—

૧ ઔદારિક, ૨ ઔદારિક મિશ્ર, ૩ વૈક્રિય ૪ વૈક્રિય મિશ્ર, ૫ આહારક, ૬ આહારક મિશ્ર, ૭ કાર્મણ.

૯ ઉપયોગ બાર—પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચ્યાર દર્શન.

પાંચ જ્ઞાન. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન.

ત્રણ અજ્ઞાન—૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન, ૩ વિભંગ જ્ઞાન.

ચ્યાર દર્શન—૧ ચક્ષુ દર્શન, ૨ અચક્ષુ દર્શન, ૩ અવધિ દર્શન, ૪ કેવળ દર્શન.

૧૦ કર્મ આઠ—૧ જ્ઞાનાવર્ણીય કર્મ, ૨ દર્શનાવર્ણીય કર્મ, ૩ વેદની કર્મ, ૪ મોહનીય

કર્મ, ૫ આયુ કર્મ ૬ નાંમ કર્મ, ૭ ગોત્ર કર્મ, ૮ અંતરાય કર્મ.

૧૧ ગુણઠાણા ચૌદ—૧ મિથ્યાત્વ ગુણઠાણું, ૨ સાસ્વાદન ગુણઠાણું, ૩ મિશ્ર ગુણઠાણું. ૪ અવિરતિ સમ્યગ્દ્રષ્ટી ગુણઠાણું. ૫ દેશવિરતિ ગુણઠાણું, ૬ પ્રમત્ત ગુણઠાણું, ૭ અપ્રમત્ત ગુણઠાણું, ૮ નિવૃત્તિ બાદર અપૂર્વ કરણ ગુણઠાણું, ૯ અનિવૃત્તિબાદર ગુણઠાણું, ૧૦ સુક્ષ્મ સંપરાય ગુણઠાણું, ૧૧ ઉપસાંત મોહનીય ગુણઠાણું, ૧૨ ક્ષીણમોહનીય ગુણઠાણું, ૧૩ સયોગી કેવળી ગુણઠાણું, ૧૪ અયોગી કેવળી ગુણઠાણું.

૧૨ પાંચ ઇંદ્રિયના ત્રેવીસ વિષય-સ્પર્શેંદ્રિયના આઠ, હળવો, ભારે, ખરસચડો, સુંવાળો, લુખો, ચોપડયો, ઉન્હો, ઠંડો. રસેંદ્રિયના પાંચ-તીખો, કડવો, કષાયલો, ખાટો, મીઠો. ઘ્રાણેંદ્રિયના બે-સુગંધ, દુર્ગંધ, ચક્ષુ ઇંદ્રિયના પાંચ-કાળો, ધોળો, રાતો, પીળો,

ક્ષીસો, શ્રોત ઇંદ્રિયના ત્રણ—જીવ શબ્દ, અજીવશબ્દ, મિશ્રશબ્દ.

૧૩ મિથ્યાત્વ દશ—૧ જીવ ને અજીવ સદ્દહે- તો મિથ્યાત્વ, ૨ અજીવને જીવ સદ્દહેતો મિથ્યાત્વ, ૩ ધર્મને અધર્મ સદ્દહેતો મિ- થ્યાત્વ, ૪ અધર્મને ધર્મ સદ્દહેતો મિથ્યા- ત્વ, ૫ સાધુને અસાધુ સદ્દહેતો મિથ્યાત્વ, ૬ અસાધુને સાધુ સદ્દહેતો મિથ્યાત્વ, ૮ કુમાર્ગને માર્ગ સદ્દહેતો મિથ્યાત્વ, ૯ આઠ કર્મ ખપાવી મોક્ષે ગએલાને મોક્ષે નહિ ગએલા સદ્દહેતો મિથ્યાત્વ, ૧૦ આઠકર્મ સહિત મોક્ષે નહીં ગએલાને મોક્ષેગએલા સદ્દહેતો મિથ્યાત્વ.

૧૪ તત્ત્વ નવ—૧ જીવ તત્ત્વ, ૨ અજીવતત્ત્વ ૩ પુન્યતત્ત્વ, ૪ પાપ તત્ત્વ, ૫ આશ્રવ- તત્ત્વ, ૬ સંવર તત્ત્વ, ૭ નિર્જરા તત્ત્વ, ૮ બંધ તત્ત્વ, ૯ મોક્ષ તત્ત્વ.

૧૫ આત્મા આઠ—૧ દ્રવ્યાત્મા,૨ કષાયાત્મા ૩ જોગાત્મા, ૪ ઉપયોગાત્મા,૫ જ્ઞાનાત્મા ૬ દર્શનાત્મા, ૭ ચારિત્રાત્મા, ૮ વીર્યાત્મા.

૧૬ દંડક ચોવીસ-૧ સાત નરકનું. ૧૦ દસ ભુવન પતિનાં, ૫ પાંચ સ્થાવરનાં. ૩ ત્રણ વિગલેંદ્રિનાં, ૧ ગર્ભજ તિર્યંચનું, ૧ મનુષ્યનું, ૧ વાણવ્યંતરનું, ૧ જ્યોતિષીનું, ૧ વૈમાનિકનું. એમ સર્વે મળી ચોવીસ થયાં.

૧૭ લેશ્યા છ—૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજો લેશ્યા, ૫ પદ્મ લેશ્યા, ૬ શુકલ લેશ્યા

૧૮ દ્રષ્ટિ ત્રણ—૧ સમકિત દ્રષ્ટિ, ૨ મિથ્યા દ્રષ્ટિ, ૩ મિશ્ર દ્રષ્ટિ.

૧૯ ધ્યાન ચાર—૧ આર્ત ધ્યાન, ૨ રૌદ્રધ્યાન ૩ ધર્મધ્યાન, ૪ શુક્લ ધ્યાન. અથવા બીજી રીતે--૧ પિંડસ્થ, ૨ પદસ્થ, ૩ રૂપસ્થ, ૪ રૂપાતિત.

૨૦ દ્રવ્ય ૭—૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય, ૫ કાળ, ૬ જીવ.

૨૧ રાશિ બે—૧ જીવરાશિ, ૨ અજીવરાશિ.

૨૨ શ્રાવકનાં બાર વ્રત—૧ સ્થુલ પ્રાણાતિપાત વિરમણ, ૨ મૃષાવાદ વિરમણ, ૩ અદત્તાદાન વિરમણ, ૪ મૈથુન વિરમણ, ૫ પરિગ્રહ પરિમાણ; ૬ દિશી પરિમાણ, ૭ ભોગોપભોગ, ૮ અનર્થદંડ, ૯ સામાયિક, ૧૦ દેશાવકાશિક, ૧૧ પૌષધોપવાસ, ૧૨ અતિથિસંવિભાગ.

૨૩ સાધુજીનાં પાંચ મહાવ્રત-૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ.

૨૪ પાંચ મહાવ્રતના ભાંગા ઓગણપચાસ—એક કરણને એક યોગથી ૯, એક કરણને બે યોગથી ૯, એક કરણને ત્રણ યોગથી ૩, બે કરણને એક યોગથી ૯, બે

કરણને બે યોગથી ૯, બે કરણને ત્રણ યો-
ગથી ૩, ત્રણ કરણને એક યોગથી ૩, ત્રણ
કરણને બે યોગથી ૩, ત્રણ કરણને ત્રણ
યોગથી ૧, એમ સર્વે મળી ૪૯ ભાંગા
થયા.

૨૫ ચારિત્ર ૭—૧ સામાયિક ચારિત્ર, ૨ છેદો
પસ્થાપનિય, ૩ પરિહાર વિશુદ્ધિ, ૪ સુ-
ક્ષ્મસંપરાય, ૫ યથાખ્યાત, ૬ દેશવિરતિ
૭ અવિરતિ.

૨૬ નય સાત—૧ નૈગમનય, ૨ સંગ્રહનય,
૩ વ્યવહારનય, ૪. રૂજુસૂત્રનય, ૫ શબ્દ-
નય, ૬ સમભિરૂઢનય, ૭ એવંભૂતનય.

૨૭ નિક્ષેપા ચાર—૧ નામ નિક્ષેપો, ૨ સ્થા-
પના નિક્ષેપો, ૩ દ્રવ્ય નિક્ષેપો, ૪ ભાવ
નિક્ષેપો.

૨૮ સમકિત પાંચ—૧ ઉપશમ સમકિત. ૨
ક્ષયોપશમ. સમકિત. ૩ ક્ષાયક સમકિત,
૪ સાસ્વાદન સમકિત, ૫ વેદક સમકિત.

૨૯ રસ નવ—૧ શૃંગાર રસ, ૧ વીર રસ, ૩ કરૂણા રસ, ૪ હાસ્ય રસ, ૫ રૌદ્ર રસ, ૬ ભય રસ, ૭ અદ્દભુત રસ, ૮ શાંત રસ, ૯ બિભત્સ રસ.

૩૦ અભક્ષ્ય બાવીસ—૧ વડ ફળ, ૨ પીંપળ ફળ, ૩ ઉંબર ફળ, ૪ કઠુંબર ફળ, ૫ કઠુંબર ફળ, ૬ પાકર ફળ, ૭ માંસ, ૮ દારૂ, ૯ મધ, ૧૦ માખણ, ૧૧ હેમ, ૧૨ ગીડા, ૧૩ તુચ્છ ફળ, ૧૪ બહુબીજ ફળ. ૧૫ અથાણું (બોળો વિગેરે), ૧૬ કાચું ગોરસ, ૧૭ ઝેર—અફીણ સોમલ—મહોરો, ૧૮ માટી (મુલતાની આદિ), ૧૯ ચલિત રસ—વાસી રોટલી સીરો લાવસી વિગેરે. ૨૦ અજાણ્યા ફળ કે વસ્તુ, ૨૧ રાત્રિ ભોજન, ૨૨ કંદમુળ. આ ઊપર કહેલાં બાવીસ અભક્ષ્ય શ્રાવકે વર્જવાં.

૩૧ અનુયોગ ચાર—૧ દ્રવ્યાનુજોગ, ૨ ગણિતાનુજોગ, ૩ ચરણકરણાનુજોગ, ૪ ધર્મકથાનુજોગ.

૩૨ તત્ત્વ ત્રણ—૧ દેવ તત્ત્વ, ૨ ગુરૂ તત્ત્વ, ૩ ધર્મ તત્ત્વ.

૩૩ સમવાય પાંચ—૧ કાળ, ૨ સ્વભાવ, ૩ નિયત, ૪ કર્મ, ૫ ઉદ્યમ.

૩૪ ત્રણસેંને ત્રેસઠ પાખંડીના ભેદ—૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૩૨ વિનયવાદીના, ૬૭ અજ્ઞાનવાદીના,

૩૫ શ્રાવકના એકવીસ ગુણ—૧ અક્ષુદ્ર, ૨ રૂપવાન, ૩ શાંત પ્રકૃતિવાળો, ૪ લોકપ્રિય, ૫ અક્રૂર, ૬ પાપભીરૂ, ૭ અશઠ, ૮ દાક્ષિણ્યતાવાન, ૯ લજ્જાળુ, ૧૦ દયાળુ, ૧૧ મધ્યસ્થ સોમદ્રષ્ટિ, ૧૨ ગુણરાગી, ૧૩ સત્કથાખ્ય, ૧૩ સુપક્ષયુક્ત, ૧૫ દીર્ઘદર્શી, ૧૬ વિશેષજ્ઞ, ૧૭ વૃદ્ધાનુગામી, ૧૮ વિનયી, ૧૯ કૃતજ્ઞ, ૨૦ પરહિતાર્થકારી, ૨૧ લબ્ધલક્ષ્ય.

પાંચ મહાવ્રતની [૨૫] ભાવનાઓ.

૧ પ્રાણાતીપાતની ૫ ભાવનાઓ—૧ મનોગુપ્તી (મનને ગોપવવું). ૨ એષણાસમીતિ (બેતાલીસ દોષરહીત આહારાદિકને લેવા તે) ૩ આદાનભંડ નીખેવણા સમીતિ (વસ્ત્ર પાત્ર વિગેરે યત્નાપૂર્વક લેવાં) ૪ ઇર્યાસમીતી (ઉપયોગ સહીત ચાલવું તે) ૫ અન્ન પાણી વીગેરે લેવાં તે જોઇને લેવા વડે કરીને હમેશાં અહિંસા ભાવવી તે.

૨ મૃષાવાદની ૫ ભાવનાઓ—

૧ હાસ્ય ૨ લોભ ૩ ભય ૪ ક્રોધ	થી મૃષા ન બોલવું એટલે તેનાં પચ્ચખ્ખાણ.

૫ વિચારપૂર્વક બોલવું.

ઉપર પ્રમાણે લક્ષ દેઇને બોલતાં સત્ય વ્રતને ભાવવું તે.

૩ અસ્તેયરૂપ યમની ભાવનાના ૫ પ્રકારઃ—
૧ અવગ્રહ માગવો. ૨ બરાબર જોઇ ત-
પાસી વિચારી અવગ્રહ માગવો. ૩ નિ-
રંતર ગુરૂની રજા લેઇ ભાતપાણી વાપ-
રવાં. ૪ સાધર્મિક પાસેથી અવગ્રહ મા-
ગવો. ૫ અવગ્રહની મુદત ઠરાવવી.

૪ બ્રહ્મચર્યની ૫ ભાવનાઓ—૧ સ્ત્રી નપું-
સક તથા પશુવાળી વસતી અને કુડયાં-
તરે વસતિનો તથા એક આસનનો ત્યાગ
કરવો. ૨ સ્ત્રીનાં રમ્ય અંગ જોવાનો તથા
પોતાના અંગે શણગાર સજવાનો ત્યાગ
કરવો. ૩ સરસ સ્નિગ્ધ આહાર તથા
અતિ આહાર ન લેવો. ૪ સરાગે સ્ત્રી
કથા કરવી નહીં, ૫ પૂર્વે કરેલી કામક્રીડા
સંભારવી નહીં.

૫ પરિગ્રહ ત્યાગની ૫ ભાવના—
૧ શબ્દ ૨ રૂપ
૩ રસ ૪ ગંધ ૫ સ્પર્શ.

એ પાંચમાં હમેશાં રાગદ્વેષ છોડવા.

ભાવ સાધુનાં ૭ લિંગ.

૧ માર્ગાનુસારિણી ક્રિયા.
૨ ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા.
૩ પ્રજ્ઞાપનીયપણું.
૪ ક્રિયામાં અપ્રમાદ.
૫ શક્ય અનુષ્ટાનનોજ આરંભ.
૬ ભારે ગુણાનુરાગ.
૭ ગુરૂની આજ્ઞાનું પૂર્ણપણે આરાધન.

સાત લિંગનું ટુંક વિવેચન.

૧ માર્ગાનુસારીણી ક્રિયા—મોક્ષમાર્ગને અનુસરતી પ્રત્યુપેક્ષણાદિ (પડિલેહણાદી) ક્રિયા કરવી તે.

૨ ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા—શ્રુત ધર્મમાં અને ચારિત્ર ધર્મમાં તીવ્ર અભિલાષા રાખવી તે. તેના ચાર ભેદ છે–૧ વિધિસેવા, ૨ અતૃપ્તિ, ૩ શુદ્ધ દેશના, ૪ સ્ખલિત પરિશુદ્ધિ.

૩ પ્રજ્ઞાપનિયપણું—આગમમાં કહેલી યુક્તિ-
ઓ વડે કરીને બીજાને સમજાવવાપણું તે.
૪ ક્રિયામાં અપ્રમાદ—સાધુમાર્ગની ક્રિયા
કરવામાં મદ્ય, વિષય, કષાય, વિકથા,
નિદ્રા એ પાંચ પ્રમાદ રહિત સંજમ પા-
ળવું તે.

૫ શક્ય અનુષ્ઠાનમાં આરંભ—શરીરની શ-
ક્તિને અનુસારે જે અનુષ્ઠાન (તપ, જપ,
ક્રિયા) ઘણો લાભ આપનાર ને ઓછું
નુકશાન આપનાર હોય એવું આરંભે તે.
૬ ભારે ગુણાનુરાગ—ચરણસિત્તરી તથા ક-
રણસિત્તરીમાં તથા આગમમાં વર્ણવેલા
મૂળ ગુણ, ઉત્તર ગુણમાં પ્રીતિ, શુદ્ધ
ચારિત્રિયાને હોય તે.
૭ ગુરૂ આજ્ઞાનું પૂર્ણપણે આરાધન, ગુરૂના
ચરણની સેવામાં લાગેલો રહી, ગુરૂની
આજ્ઞા આરાધવામાં તત્પર રહે અને
ચારિત્રનો ભાર ઉપાડવાને સમર્થ હોય.

ચરણ સિત્તરીના સિત્તેર ભેદ:—

તદ્યથા—વય સમણ ધમ્મ સંજમ, વેયાવચ્ચં ચ બંભગુત્તિઓ ॥ નાણાઇતિયં તવકોહ, નિગ્ગહાઇં ચરણ મેયં. ॥૨॥

અર્થ—વયકે૦ પાંચ મહાવ્રત, સમણ ધમ્મકે૦ ૧૦ પ્રકારે શ્રમણ ધર્મ, સંજમકે૦ ૧૭ પ્રકારે સંજમ ધર્મ, વેયાવચ્ચંકે૦ ૧૦ પ્રકારે વૈયાવચ્ચ, બંભગુત્તિઓકે૦ ૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ, નાણાઇતિયંકે૦ જ્ઞાનાદિકત્રિક, તવકે૦ બાર પ્રકારે તપ, કોહનિગ્ગહાઇંકે૦ ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ. તેના જુદા જુદા ૭૦ ભેદ બતાવે છે.

૫ મહાવ્રત—૧ પ્રાણાતિપાત વિરમણ, ૨ મૃષાવાદ વિરમણ, ૩ અદત્તાદાન વિરમણ, ૪ મૈથુન વિરમણ, ૫ પરિગ્રહ વિરમણ.

૧૦ શ્રમણ ધર્મ—૧ ક્ષમા, ૨ માર્દવ, (કોમળપણું) ૩ આર્જવ (સરળપણું) ૪ મુક્તિ (લોભત્યાગ), ૫ તપ, ૬ સંયમ

(આશ્રવનો ત્યાગ) ૭ સત્ય (જુઠનો ત્યાગ) ૮ શૌચ (પવિત્રતા) ૯ અકિંચન (દ્રવ્યરહિતપણું) ૧૦ બ્રહ્મચર્ય (મૈથુન ત્યાગ).

૧૭ સંયમ ધર્મ—૧ પૃથ્વીકાય જીવની હિંસા ન કરવી, ૨ અપકાય જીવની હિંસા ન કરવી, ૩ અગ્નિકાય જીવની હિંસા ન કરવી, ૪ વાઉકાય જીવની હિંસા ન કરવી, ૫ વનસ્પતિ કાય જીવની હિંસા ન કરવી, ૬ બેઇંદ્રિ જીવની હિંસા ન કરવી, ૭ તેઇંદ્રી જીવની હિંસા ન કરવી, ૮ ચૌરેંદ્રી જીવની હિંસા ન કરવી, ૯ પંચેંદ્રી જીવની હિંસા ન કરવી, ૧૦ અજીવ સંયમ (સોના પ્રમુખ નિષેધ કરેલી અજીવ વસ્તુનો ત્યાગ) ૧૧ પ્રેક્ષા સંયમ (જયણાપૂર્વક વર્તવું) ૧૨ ઉપેક્ષા સંયમ (આરંભ તથા ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરે તે) ૧૩ પ્રમાર્જન સંયમ

સર્વ વસ્તુ પુજીને વાપરવી તે) ૧૪ પરિષ્ટાપના સંયમ (જયણાપૂર્વક પરઠવવું તે) ૧૫ મનઃસંયમ (ધર્મવૃત્તિમાં મન રાખવું તે) ૧૬ વચન સંયમ (સાવદ્ય વચન ન બોલવું તે) ૧૭ કાય સંયમ (ઉપયોગથી કામ કરવું તે).

૧૦ વૈયાવચ્ચ—૧ અરિહંતનો વૈયાવચ્ચ, ૨ સિદ્ધનો, ૩ જિન પ્રતિમાનો, ૪ શ્રુત સિદ્ધાંતનો, ૫ આચાર્યનો, ૬ ઉપાધ્યાયનો, ૭ સાધુનો, ૮ ચારિત્ર ધર્મનો, ૯ સંઘનો, ૧૦ સમકિત દર્શનનો વૈયાવચ્ચ, (પાઠાંતરે) નીચે લખેલા દસ પણ ગણાય છે. ૧ આચાર્ય. ૨ ઉપાધ્યાય, ૩ તપસ્વી, ૪ શિષ્ય, ૫ ગ્લાનસાધુ, ૬ સ્થવિર, ૭ સમનોજ્ઞ (સરખી સમાચારીવાળો) ૮ ચતુર્વિધ સંઘ, ૯ કુલ ચંદ્રાદિ, ૧૦ ગોત્ર, એ દસનો વિનય.

૯ પ્રકારે બ્રહ્મચર્ય—૧ સ્ત્રી પશુને નપુંસક

જ્યાં રહેતાં હોય તે જગ્યાનો ત્યાગ. ૨ સરાગે સ્ત્રી સાથે કથાં વારતા ન કરવી, ૩ સ્ત્રીના આસને બે ઘડી સુધી બેસવું નહિ, ૪ સરાગે સ્ત્રીનાં અંગોપાંગ જોવાં નહીં, ૫ સ્ત્રી પુરૂષ જ્યાં ક્રીડા કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખના અંતરે રહેવું નહિ. ૬ ભોગવ્યાં સુખ ન સંભારવાં. ૭ સરસ આહાર ન કરવો,. ૮ અતિ માત્રાએ આહાર ન કરવો, ૯ શરીરની શોભા ન કરવી.

૩ જ્ઞાનાદિત્રિક—જ્ઞાન, દર્શન, અને ચારિત્ર.

૧૨ તપ બાર પ્રકારે—૧ અણસણ, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, (અનેક પ્રકારના અભિગ્રહ કરવા તે) ૪ રસ ત્યાગ, ૫ કાયક્લેષ, ૬ સંલીનતા (ઈંદ્રિયોને વશ રાખવી) ૭ પ્રાયશ્ચિત, ૮ વિનય ૯ વૈયાવચ્ચ, ૧૦ સ્વાધ્યાય, (સજ્ઝાયધ્યાન કરવું.) ૧૧ ધર્મકથા, ૧૨ કાઉસગ્ગ.

૪ ક્રોધાદિ ચારનો નિગ્રહ—૧ ક્રોધ ત્યાગ ૨ માન ત્યાગ, ૩ માયા ત્યાગ, ૪ લોભ ત્યાગ.

૭૦

કરણ સિત્તરીના સિત્તેર ભેદ છે,

તદ્યથા—પિંડવિસોહી સમિઈ, ભાવણ પડિમાય ઇંદિય નિરોહો ॥ પડિલેહણ ગુત્તિઓ, અભિગ્ગહં ચેવ કરણંતુ ॥ ૧ ॥

૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇંદ્રિયોનો નિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ.

૪ પિંડવિશુદ્ધિ—૧ આહાર, ૨ ઉપાશ્રય, ૩ વસ્ત્ર, ૪ પાત્ર એ ચાર બેંતાલીસ દોષ રહિત લે તે.

૫ સમિતિ—ઇર્યાસમિતિ, ૨ ભાષાસમિતિ, ૩ એષણાસમિતિ, ૪ આદાન ભંડમત્ત નિખેપણાસમિતિ, ૫ પારિષ્ટાપનિકાસમિતિ.

૧૨ ભાવના—૧ અનિત્ય ભાવના, ૨ અશરણ ભાવના, ૩ સંસાર ભાવના ૪ એકત્વ ભાવના, ૫ અન્યત્વ ભાવના, ૬ અશુચિ ભાવના, ૭ આશ્રવ ભાવના, ૮ સંવર ભાવના, ૯ નિર્જરા ભાવના, ૧૦ લોક સ્વરૂપ ભાવના, ૧૧ બોધિદુર્લભ ભાવના, ૧૨ ધર્મના કથક અરિહંત એ ભાવના.

૧૨ પડિમા—૧ એક માસની પ્રતિમા, ૨ બે માસની પ્રતિમા, ૩ ત્રણ માસની પ્રતિમા, ૪ ચાર માસની પ્રતિમા, ૫ પાંચ માસની પ્રતિમા, ૬ છ માસની પ્રતિમા, ૭ સાત માસની પ્રતિમા, ૮ સાત દીનરાતની, ૯ સાંત દિનરાતની, ૧૦ સાત દિનરાતની, ૧૧ એક દિનરાતની, ૧૨ એક રાતની.

૫ ઇંદ્રિયોનો નિરોધ—૧ ફરસઇંદ્રિ નિરોધ, ૨ રસઇંદ્રિ નિરોધ, ૩ ઘ્રાણઇંદ્રિ નિરોધ, ૪ ચક્ષુઇંદ્રિ નિરોધ, ૫ શ્રોતઇંદ્રિ

નિરોધ.

૨૫ પડિલેહણા—૧ મુહપત્તિ, ૨ ચોલપટ્ટ, ૩ ઉનનું કલ્પ, ૪–૫ સુત્તરનાં બે કલ્પ, ૬ રજોહરણનું અંદરનું સુતરનું નિષિજ્જ, ૭ બહારનું પગ લુછવાનું નિષિજ્જ, ૮ સંથારો, ૯ ઉત્તરપટ્ટો, ૧૦ થી ૧૧ દાંડો વિગેરે અગ્યાર ચીજોના પડિલેહણા પ્રભાતમાં સૂર્ય ઉદય પહેલાં કરાય છે. બાકીની ચૌદ ઉપકરણની પડિલેહણા ત્રીજે પહોરને અંતે કરવામાં આવે છે. તે કહે છે. ૧૨ મુહપત્તિ, ૧૩ ળપટ્ટ, ૧૪ ગોચ્છક, ૧૫ પાત્ર, ૧૬ પાત્રબંધ, ૧૭ પડલાઓ, ૧૮ રજસ્રાણ, ૧૯ પાત્ર સ્થાપન, ૨૦ માત્રક, ૨૧ પતદ્ગ્રાહ, ૨૨ રજોહરણ, ૨૩ ઉનનું કલ્પ, ૨૪–૨૫ સુતરનાં બે કલ્પ. એ પચીસ પડિલેહણા છે. તેની ગાથા.—

મૂળ ઃ મુહપોત્તિચોળપટ્ટો, કપ્પતિગં-

ડાનિસિજજા; રયહણં ॥ સંથારૂત્તર પેહો, દસપેહા ઉગ્ગએ સૂરે ॥ ૧ ॥ અન્નેભણં-તિ ઇક્કારસમો દંડઉત્તિ ॥ ગાથા ॥ ૨ જી મૂળ ॥ ઉવગરણ ચઉદસગં, પડિલેહિજજ-ઈદિણસ્સ પહરતિગે ॥ ઉગ્ઘાડ પોરસિએ ઉપત્ત નિજજોગ પડિલેહા ॥૨॥ વિસ્તાર પ્રવચનસારોદ્ધારમાંથી જોઇ લેવો.

૩ ગુપ્તિ—૧ મનગુપ્તિ, ૨ વચનગુપ્તિ, ૩ કાયગુપ્તિ.

૪ અભિગ્રહ—૧ દ્રવ્યથી અભિગ્રહ, ૨ ક્ષેત્રથી અભિગ્રહ, ૩ કાળથી અભિગ્રહ, ૪ ભાવથી અભિગ્રહ. એ ચાર પ્રકારે અભિગ્રહ એટલે પ્રતિજ્ઞા. એમ સર્વે — મળી સિત્તેર ભેદ કરણસિત્તેરીના થયા.

૭૦

સાધુને ગોચરીના ૪૨ દોષ.

શ્રાવકથી લાગતા ૧૬ દોષ.

૧ આધાકર્મી—સાધુને માટે છકાયનો આરંભ

કરી આહાર નીપજાવે તે.

૨ ઉદ્દેસિક—જ્યારે રસોઇ કરવા માંડે ત્યારે રસોઈયાને કહે કે રસોઇ ઘણી કરજો કેમકે સાધુ પ્રમુખ આવશે તો તેમને સારી રીતે વહોરાવીશું એમ સાધુનું નામ લઇને રસોઈ વધારે કરાવે તે.

૩ પૂતિકર્મ—ઘરમાં રસોઈયાને કહે કે ઉતાવળથી રાંધો વખત થયો છે. વેળાસર રંધાય તો કંઈ આપણું જમીએ ને કંઈ સાધુને પણ આપીએ એમ કહી તાકીદથી આહાર બનાવેલો હોય તે.

૪ મિશ્રજાતિ—અશુદ્ધની સાથે શુદ્ધ આહાર મેળવે તે.

૫ થાપના—ભોજન વખતે સાધુને માટે જુદા વાસણમાં આહાર કાઢી મૂકે તે.

૬ પાહુડી—સાધુને આવ્યા જાણી વસ્તુને આગળ પાછળ મૂકે, ધક્કા ધક્કીમાં સાવદ્ય ક્રિયા કરી સાધુ આગળ લાવીને આપે

તથા વિવાહાદિકને વિલંબ છતાં સાધુને રહેલા જાણી તેમનો લાભ મેળવવા માટે તે વખતે વિવાહાદિક કરાવે તે.

૭ પ્રાદુઃકૃત્ય—સાધુને આવ્યા જાણી ઘરમાં અંધારૂં હોય તો બારી બારણાં ઉઘાડી અજવાળું કરે અથવા દિવાદિકથી અજવાળું કરી સાધુને આહાર આપે એમ જાણીને કે અંધારૂં હશે તો આહાર નહીં વહોરે.

૮ ક્રીત—સાધુને આવ્યા જાણી બજારમાંથી આહાર વેચાતો લાવીને વહોરાવે તે.

૯ પ્રામિત્ય—કોઈનું ઉધાર ઉછીનું તથા દેવું કરી સાધુને લાવી આપે તે.

૧૦ પરાવર્ત્તિત—પોતાની વસ્તુ બીજાને અદલબદલ કરી મુનીને આપે તે.

૧૧ અભ્યાહૃત—સાધુને ઉપાશ્રયે આહાર સામો લાવીને આપે તે.

૧૨ ઉદ્ભિન્ન—કુલ્લાદિકમાંથી ઘી આદિક કા-

હવા માટે તેના મોઢાપરથી માટી વિગેરે દૂર કરવી અથવા કોઠાર કે પેટીમાંથી તાળું ઉઘાડીને આહાર આણી આપવો તે.

૧૩ માલાહ્રત—ઉપલા માળથી કે શીંકુથી તથા ભોંયરામાથી સાધુને આહાર પાણી વિગેરે લાવી આપવાં તે.

૧૪ આછિદ્ય—પારકાના હાથમાંથી કંઇ ચીજ છીનવી લઈ સાધુને આપવી તે.

૧૫ અનિશ્રષ્ઠ—ઘણા માણસની વગર વહેંચી લીધેલી ચીજ તેના ધણીની રજા સિવાય સાધુને આપવી તે.

૧૬ અધ્યવપૂરક—તૈયાર થતઃ આહારપાણીમાં સાધુ આવ્યા જાણી બીજા નવાં નાંખે ને સાધુને આપે તે.

સાધુથી ઉપજતા સોળ દોષ.

૧ ધાત્રી દોષ—ગૃહસ્થના બાળકને સાધુ રમાડે, મીઠે વચને બોલાવે, ચપટી વગાડી

રીઝવે, હસાવે, હેત બતાવે તેથી બાળકના માબાપ રાજી થાય ને સાધુને આહાર આપે ને તે આહાર સાધુ લે તે.

૨ દૂતી દોષ—દૂત કે કાસદની પેઠ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગૃહસ્થના સમાચાર પહોંચાડી ભિક્ષા લે તે.

૩ નિમિત્ત દોષ—ત્રણ કાળ સંબંધી ગૃહસ્થનાં લાભાલાભનાં નિમિત્ત બતાવે, ગૃહદશા વિગેરે જણાવે ને આહાર લે તે.

૪ આજીવીકા—ગૃહસ્થની પાસે ભિક્ષા માટે ગયે છતે પોતાનાં કુળ, ગોત્ર, જાતિ, શિલ્પ વિગેરેનાં વખાણ કરી ભિક્ષા લે તે.

૫ વનિપક—આહારને અર્થે સાધુ દીનપણુ બોલે કે આ સંસારમાં સૌ સ્વાર્થી છે પણ કોઇ પરમાર્થી નથી કે સાધુની ખબર લે. તમારા જેવા ધર્મિષ્ટ હોય તેજ જાણે. તમે છો તો આટલી સાધુઓની સંભાળ લેવાય છે. ઇત્યાદિ દીન-

તાના વચન બોલી ગૃહસ્થ પાસેથી આ-
હાર લે તે.

૬ ચિકિત્સા—ગૃહસ્થની નાડી જોઇ રોગનો
ઉપચાર બતાવે ને ગૃહસ્થને રાગી બના-
વી આહાર લે તે.

૭ ક્રોધ—ભિક્ષા માટે પોતાની વિદ્યા તપ
આદિનો પ્રભાવ દેખાડી તથા રાજ્યનું
માનીતાપણું જણાવી શ્રાપ આપવાની
દહેશત દેખાડી આહાર લે તે.

૮ માનપિંડ—ગૃહસ્થને મોટું માન આપી
તથા સત્કાર કરી તેની ઋદ્ધિ વખાણી
તેમજ પોતાની ઋદ્ધિ વખાણી આહાર
લેવો તે.

૯ માયાપિંડ—કૂડકપટ કરી, રૂપ પરાવર્તનાદિ
કળા કરી, તંત્રખ્યાલ દેખાડી આહાર લે તે.

૧૦ લોભપિંડ—કોઇ ઉદાર પ્રબળ દાન આ-
પનાર જોઇ તથા ઘણા ઘેર ફરી ખપ
કરતાં વધારે આહાર લે તે.

૧૧ પૂર્વપશ્ચાત સંસ્તવ--ગૃહસ્થના માતાપિ-
તા તથા તેના પૂર્વજોના તેમજ તેના પો-
તાના વખાણ કરી આહાર લે તે.

૧૨ વિદ્યાપિંડ—અન્નપૂર્ણા દેવી વિગેરે દેવતાનું
આરાધન કરી ગૃહસ્થના ઘેરથી આહાર લેતે.

૧૩ મંત્રપિંડ—કામણટુમણ વશીકરણ કરી
મંત્ર તંત્ર વિધિથી ચમત્કાર દેખાડી આ-
હાર લે તે.

૧૪ ચૂર્ણપિંડ—ઓસડ ચૂરણ વિધિ ક્રિયા વિ-
ગેરે કરી આપી આહાર લે તે.

૧૫ યોગપિંડ—પગ લેપાદિ કરી, ચમત્કાર
દેખાડી લોકોને પોતાને અનુકુળ કરી આ-
હાર લે તે.

૧૬ મૂળકર્મ—પુત્ર વિનાનાં બૈરાંને ગર્ભ ર-
હેવાનાં ઓસડ બતાવે, તથા બનાવી આપે
તથા દુરાચારી સ્ત્રીને કુકર્મથી ગર્ભ રહ્યો
હોય તેને ગર્ભપાતનું ઓસડ બતાવીને
આહાર લે તે.

૧૦ આહાર ગ્રહણના દોષ.

૧ શંકિત દોષ—આહારમાં કોઈ ઉદ્‌ગમાદિ દોષની શંકા આવે તેમ છતાં આહાર લે તે.

૨ પ્રક્ષિપ્ત—અભક્ષ્યાદિક અયોગ્ય વસ્તુ સચિત્ત કે અચિત્ત હોય તેનાથી ખરડાએલા હાથે અથવા યોગ્ય દ્રવ્યથી ખરડાએલા ભાજનવડે આહાર આપે તે લે તે.

૩ નિક્ષિપ્ત—માટી, પાણી તથા સચિત્ત વસ્તુના સ્પર્શે કરી અથવા પરસ્પર સંબદ્ધ થવાથી અચિત્ત થાય એવો આહાહાર લે તે.

૪ પીહત—છકાયને વિષે સ્થાપેલું અન્ન લેવું તથા સચિત્ત અચિત્તના ચાર ભાંગામાંના સચિત્ત અચિત્તનો ભાંગો મુકીને આહાર લેવો તે.

૫ સંહત—આહાર આપવાના વાસણમાં અયોગ્ય વસ્તુ હોય તે વસ્તુ બીજા વાસણ-

માં નાખી તે વાસણથી આપેલો આ-
હાર લે તે.

૬ દાયકદોષ—છકાયના આરંભનું કામ કરતો
હોય, આંધળો, પાંગળો, લુલો, લંગડો
કે ઘણો ઘરડો હોય કે બાળ હોય અ-
થવા સાત માસ ઉપરાંતની ગર્ભવંતી
સ્ત્રી હોય, બાળક ધવરાવતી હોય બા-
ળક રડતું હોય તેને રડતું મૂકીને આહાર
આપેલો લે તે.

૭ ઉન્મીશ્ર—યોગ્ય આહાર ને અયોગ્ય આ-
હારની સાથે મેળવીને આપેલો આહાર લેતે.

૮ અપરિણત—કંઈક કાચો કંઇક પાકો, વર્ણ,
ગંધ, રસ, સ્પર્શ, કંઇક બદલાએલા કં-
ઈક નહીં બદલાએલા તથા દાતારના ઘ-
રનાં કોઈ માણસની મરજી આપવાની
હોય અથવા કોઇકની નં હોય એવો
આહાર લે તે.

૯ લિપ્ત દોષ—દાન દેવા માટે ખરડાએલા

હાથે સચિત્ત પાણીથી ધોઈને આહાર વહોરાવે તથા વહોરાવ્યા પછી સચિત્ત પાણીથી હાથ ધોવા પડે એવો આહાર લે તે.

૧૦ છર્દિતદોષ—ભોંયપર વેરતો કે ઢોળતો આહાર આપે તે.

પાંચ મંડળીક દોષ.

૧ સંયોજના—આહાર કરતાં સાધુ સ્વાદને અર્થે એક દ્રવ્યને બીજાની સાથે મેળવીને સ્વાદિષ્ટ બનાવી ખાય તે.

૨ પ્રમાણાતિક્રમ—પુરૂષનો ૩૨ કોળીયાનો તથા સ્ત્રીનો ૨૮ કોળીયાનો આહાર છે તે કરતાં બે ચાર કોળ વધારે ખાય તે.

૪ ધુમ્રદોષ—આહારની તથા આહાર આપનારની નિંદા કરતો થકો ખાય તે.

૫ અકારણદોષ—સાધુવિનય, વૈયાવચ્ચ,સં-
જમ નિર્વાહ પ્રબળ શુભાશુભ ધ્યાન
સ્થિરતા ઈત્યાદિ કારણ વિના સારો સ્વા-
દિષ્ટ આહાર ખાય તે.

હવે જે જીવ સમકિતરૂપ રત્ન પામ્યો તે જીવને સ્વરૂપનું ધ્યાન કરવા રૂપ વિચાર લખીએ છીએ.

૧ હું એક છું, મહારૂં કોઈ નથી, ૨ મહારો આત્મા શાસ્વતો છે. ૩ હું જ્ઞાનદર્શને કરી સહિત છું. ૪ ધન કુટુંબાદિક મહારા સ્વરૂપ થકી બાહ્યવસ્તુ—અલગી વસ્તુ છે, તે સર્વ સંયોગે મળી છે, અને વિયોગે જાશે તેમાં મહારો શો બગાડ થવાનો છે? ૫ તન ધન કુટુંબાદિકનો સંયોગ એટલે મિલાપ તેને વિષે જીવ મુંઝાયો થકો દુઃખની પરંપરા પ્રત્યે પામે છે. ૬ એ શરીરાદિ પુત્ર, કલત્ર, પરિવાર

પ્રમુખ તે સંયોગી વસ્તુ મ્હારા સ્વરૂપ થકી જુદી છે. ૭ તે સર્વને હું મન વચન કાયાએ કરી, વોસિરાવું છું. ૮ હું ચેતન છું, અને એ પુદ્દગળનો સ્વભાવ તે અચેતન છે, ૯ હું અરૂપી છું, એ પુદ્દગળ રૂપી છે. મહારો જ્ઞાનાદિ ચેતના લક્ષણ સ્વભાવ છે, એ પુદ્દગળનો જડસ્વભાવ છે. ૧૦ હું અમૂર્ત છું, આ પૂદ્દગળમૂર્ત છે. ૧૧ હું સ્વાભાવિક છું, આ પૂદ્દગળ વિભાવિક છે. ૧૨ હું પવિત્ર છું, એ પુદ્દગળ અપવિત્ર છે, ૧૩ મહારો શાસ્વતો સ્વભાવ છે, અને આ પુદ્દગલીક વસ્તુ જે મને મળી છે, તે સર્વે અશાસ્વતી છે. ૧૪ મહારૂં જ્ઞાનાદિરૂપ છે. આ પુદ્દગલનું પૂર્ણગલનરૂપ છે. ૧૫ મહારૂં કેવારે સ્વરૂપ થકી ન ચળવું એવો અચલિત સ્વભાવ છે. ૧૬ મહારૂં જ્ઞાન, દર્શન, ચારિત્રમય સ્વરૂપ છે, અને પુદ્દગળ વર્ણ ગંધાદિરૂપ છે. હું વર્ણગંધાદિથી રહિત છું. ૧૭ હું શુદ્ધ

નિર્મળ છું. ૧૮ હું બુદ્ધ છું, હું જ્ઞાનાનંદી છું. ૧૯ હું નિર્વિકલ્પ એટલે સર્વ વિકલ્પથી રહિત છું, મહારૂં સ્વરૂપ પુદ્ગળથી ન્યારૂં છે. ૨૦ હું દેહાતિત એટલે આ દેહરૂપ જે શરીર તે થકી રહિત છું. ૨૧ અજ્ઞાન, રાગ, દ્વેષરૂપ જે આશ્રવ, તે મહારૂં સ્વરૂપ નથી, હું એ થકી ન્યારો છું. ૨૨ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય, અનંત વીર્યમય, એવું મહારૂં સ્વરૂપ છે. ૨૩ હું શુદ્ધ છું, કર્મમળથી રહિત છું. ૨૪ હું બુદ્ધ એટલે જ્ઞાનસ્વરૂપી છું. ૨૫ હું અવિનાશી છું, એટલે મહારો કોઈ કાળે નાશ નથી. ૨૬ હું જરા થકી રહિત અજર છું. ૨૭ હું અનાદિ એટલે મહારી આદિ નથી. ૨૮ હું અનંત એટલે મહારો અંત કે છેડો કોઈ કાળે નથી. ૨૯ હું અક્ષય છું, એટલે મહારો કોઈ કાળે ક્ષય નથી. ૩૦ હું કોઈ કાળે ખરૂં નહિં એવો અક્ષર છું. ૩૧ હું કોઇ કાળે સ્વરૂપથી ચળું

નહિ એવો અચળ છું. ૩૨ મહારૂં સ્વરૂપ કોઇથી કળ્યું જાય નહિ, માટે અકળ છું, ૩૩ હું કર્મરૂપ મલથી રહિત અમલ છું, કર્મમળથી ન્યારો છું. ૩૪ મહારી કોઇને ગમ નથી માટે અગમ્ય છું. ૩૫ હું નામરહિત અનામી છું. ૩૬ હું વિભાવદશાનાં રૂપથી રહિત સ્વભાવિ છું. ૩૭ હું કર્મરૂપ બંધન થકી રહિત અબંધક છું, મહારો ખેલ ન્યારો છે. ૩૮ હું ઉદયભાવથી રહિત અણુદય છું. ૪૦ હું મન વચન કાયાના યોગથી રહિત અયોગી છું. ૪૧ હું શુભાશુભ વિભાવદશાના ભોગથી રહિત અભોગી છું. ૪૨ કર્મરૂપ રોગથી રહિત અરોગી છું. ૪૩ હું કોઇનો ભેદ્યો ભેદાઉં નહિ માટે અભેદ્ય છું. ૪૪ હું પુરૂષ, સ્ત્રી, નપુંશક લક્ષણ ત્રણ વેદથી રહિત અવેદી છું. ૪૫ હું કોઇનો છેદ્યો છેદાઉં નહિ; માટે અછેદ્ય છું. ૪૬ હું આત્મસ્વરૂપ રમણમાં ખેદ પામું નહિ, માટે અખેદી છું. ૪૭ મહારો કોઇ સખાઇ-

ભૂલ નથી માટે અસખાઈ છું. ૪૮ હું મ્હારે પોતાને પરાક્રમે સહિત છું, પણ મ્હારા વિપરિત પરિણમન થકી બંધાણો છું, તે જે વારે સવળો પરિણમાવીશ તેવારે છુટીશ પરંતુ મને બીજો કોઈ બાંધવા છોડવા સમર્થ નથી. ૪૯ હું છું લેશ્યાથી રહિત અલેશી છું, લેશ્યાથી ન્યારો છું લેશ્યાનું રૂપ તે પુદ્ગળ છે, મ્હારૂં રૂપ તે જ્ઞાનાનંદ છે. ૫૦ હું અશરીરી છું શરીર રૂપ જડથી રહિત શુદ્ધ ચિદાનંદ પૂર્ણ બ્રહ્મ છું. ૫૧ હું ભાષા રૂપ પુદ્ગળથી રહિત અભાષી પૂર્ણદેવ છું. અને ભાષારૂપ તે પુદ્ગળ છે. ૫૨ હું ચાર આહારરૂપ પુદ્ગળનાં ભોગથી રહિત અણાહારી પોતાના પર્યાયરૂપ ભોગનો વિલાસી છું. ૫૩ હું બાધા પિડારૂપ દુઃખથી રહિત અનંત અવ્યાબાધ સુખનો વિલાસી છું. ૫૪ મ્હારૂં સ્વરૂપ કોઈ દ્રવ્ય અવગાહી શકે નહિ માટે અનવગાહી મ્હારૂં સ્વરૂપ છે. ૫૫ હું અગુરૂ

લઘુ એટલે મોટો નહિ અને છોટો પણ નહિ, વળી ભારી પણ નહિ, અને હળવો પણ નહિ, એવો છું. ૫૬ હું મનરૂપ પરિણામથી રહિત-યતો આપારણામી છું. ૫૭ હું ઇંદ્રિયરૂપ વિકારથી રહિત ન્યારો ઇચ્છા યોગી અનેંદ્રિય છું. ૫૮ હું દશ પ્રાણરૂપ પુદ્ગળથી રહિત મહારો એક ન્યારો છે, તેથી અપ્રાણી છું. ૫૯ હું અયોની કે૦ ચોરાશી લાખ જીવાયોનીરૂપ પરિભ્રમણ ગમણાથી રહિત નિશ્ચય દેવછું. ૬૦ હું અસંસારી એટલે ચાર ગતિરૂપ સંસારથી રહિત પૂર્ણ આત્મરામી છું. ૬૧ હું જન્મ જરા મરણ રૂપ દુઃખથી રહિત અમર છું. ૬૨ હું (અપરંપર કે૦) સર્વ પરંપરાથી રહિત ન્યારો એક વાળો છું. ૬૩ હું (અવ્યાબાધ કે૦) વિભાવરૂપ જડપણાથી રહિત મહારા સ્વરૂપમાં સદાકાળ વ્યાપી રહ્યો છું. ૬૪ હું અનાસ્તિ એટલે મહારૂં કોઈ કાળે નાસ્તિ પણું નથી. હું મહારા સ્વદ્રવ્ય ક્ષેત્રે કરીને સદાકાળ અસ્તિ

પણ વર્તું છું. ૬૫ હું અકંપ એટલે કોઇનો કંપાવ્યો કંપુ નહિ એવો અનંત વીર્ય રૂપ શક્તિનો ધણી છું. ૬૬ હું અવિરોધ એટલે કર્મ રૂપ શત્રુનો રૂંધ્યો રૂંધાઉં નહિ, સદાકાળ નિર્લેપ કર્મ રૂપ મલથી રહિત ન્યારો થકો મહારા પરિણામિક ભાવે રહ્યો વર્તું છું. ૬૭ હું અનાશ્રવ એટલે શુભાશુભ વિભાવ દશા રૂપ આશ્રવથી રહિત સદાકાળ ન્યારોવર્તું છું. જેમ ડંકને સંયોગે સ્ફટિકને કલંક લાગે પણ મૂળ સ્વભાવે જોતાં તો સ્ફટિક શુદ્ધ નિર્મળ છે તેમ હું પણ મહારે સ્વભાવે નિર્લેપ રહ્યો વર્તું છું. ૬૮ મહારૂં સ્વરૂપ છદ્મસ્થના લખ્યા માં ન આવે માટે અલખ છું. ૬૯ હું અશોક એટલે જન્મ, જરા, મરણ, અને ભયરૂપ શોક સંતાપથી રહિત સદાકાળ નિરોગી અમર રૂપ વર્તું છું. ૭૦ હું અલૌકિક એટલે લૌકિક માર્ગથી રહિત મહારો ખેલ ન્યારો વર્તે છે. ૭૧ હું જ્ઞાને કરી લોકાલોકનું સ્વરૂપ એક

સમયમાં જાણવાને સામર્થ્યવાન્ છું. માટે લોકાલોક જ્ઞાયક છું. ૭૨ હું શુદ્ધ એટલે નિર્મળ કર્મ રૂપ મળથી રહિત છું. ૭૩ હું (ચિદ્ કે૦) જ્ઞાન અને (આનંદ કે૦) ચારિત્ર તેણે કરી સહિત ચિદાનંદ છું. એવું મહારૂં સ્વરૂપ સદાકાળ શાસ્વતુ વર્તે છે.

જીવના ૫૬૩ ભેદ.

૧ નારકીના	૧૪
૨ તિર્યંચના	૪૮
૩ મનુષ્યના	૩૦૩
૪ દેવતાના	૧૯૮
	૫૬૩

નારકીના ૧૪ ભેદ—

૧ રત્નપ્રભા ૨ શર્કરાપ્રભા. ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા. ૫ ધુમપ્રભા ૬ તમપ્રભા ૭ તમતમાપ્રભા. આ સાત નારકી પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી બે પ્રકારે ૧૪ ભેદ થાય.

તિર્યંચના ૪૮ ભેદ—

૫ સ્થાવર—પ્રથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ. એ પાંચ સુક્ષ્મ ને પાંચ બાદર મળી. ૧૦ ભેદ. એક પ્રત્યેક વનસ્પતિ કાય એ અગ્યાર પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી ૨૨ ભેદ. ત્રણ વિંગલેંદ્રિ (બેઇંદ્રી, તેઇંદ્રી, ને ચોરેંદ્રિ) એ ત્રણે પર્યાપ્તા ને અપર્યાપ્તા. તે પૂર્વના ૨૨ ની સાથે મેળવતાં ૨૮ ભેદ થયા. ૧ જળચર, ૨ સ્થળચર, ૩ ખેચર, ૪ ઉરપરિસર્પ, ૫ ભુજપરિસર્પ એ પાંચ સમૂર્છિમને પાંચ ગર્ભજ મળી દસ ભેદ તે દસ પર્યાપ્તા ને અપર્યપ્તા મળી વીસ ભેદ તે પૂર્વના ૨૮ ની સાથે મેળવતાં તિર્યંચના ૪૮ ભેદ થયા.

મનુષ્યના ૩૦૩ ભેદ—

૧૫ કર્મભૂમિના—૫ ભરત, ૫ ઐરવ્રત, ૫ મહાવિદેહ.

૩૦ અકર્મભૂમિના—૫ હિમવં,૫ ઐરણ્યવ્રત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ.

૫૬ અંતરદ્વિપના—આ જંબુદ્વિપ મધ્યે હિમવંત અને શિખરી એ. બે પર્વતોમાંથી

લવણ સમુદ્રમાં આઠ ગજદંતા (દાઢા) નીકળ્યા છે તે આઠ ગજદંતા ઉપર સાત સાત ક્ષેત્રો મળી ૫૬ ક્ષેત્રો છે. એ સર્વ મળી ૧૦૧ મનુષ્યના.

૧૦૧ પર્યાપ્તા.

૧૦૧ અપર્યાપ્તા.

૧૦૧ સમૂર્છિમ. તે અપર્યાપ્તાજ હોય.

કુલ મળી ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

દેવતાના ૧૯૮ ભેદ—

૧૦ ભુવનપતિના તે ૧ અસુરકુમાર નિકાય (સ્થાનક) નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુત્‌કુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વિપકુમાર, ૭ ઉદધીકુમાર, ૮ દિશીકુમાર, ૯ પવનકુમાર, ૧૦ સ્તનિતકુમાર.

૧૦ જ્યોતિષિ—તે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારા એ પાંચ ચર અને સ્થિર મળી ૧૦ ભેદ.

૧૦ તિર્યગજૂંભક—૧ અન્નજૂંભગા, ૨ પાનજૂંભગા, ૩ વસ્ત્રજાંભગા, ૪ લેણજૂંભગા,

૫ પુષ્પજૃંભગા, ૬ ફળજૃંભગા, ૭ પુષ્પફળજૃંભગા, ૮ સયણજૃંભગા, ૯ વિદ્યાજૃંભગા, ૧૦ અવિયત્તજૃંભગા.

૧૫ પરમાધામી—૧ અંબ, ૨ અંબરસી, ૩ શ્યામ, ૪ સંબલ, ૫ રૂદ્ર, ૬ ઉપરૂદ્ર, ૭ કાલ, ૮ મહાકાલ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ; ૧૧ કુંભી, ૧૨ કાલુ, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ.

૮ વ્યંતર—૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ.

૮ વાણવ્યંતર—અણપન્નીનિકાય (સ્થાનક) ૨ પણપન્નીનિકાય, ૩ એસિવાદીનિકાય, ૪ ભૂતવાદીનિકાય, ૫ કંદિતનિકાય, ૬ મહાકંદિતનિકાય, ૭ કોહંડનિકાય, ૮ પતંગનિકાય.

૩ કિલ્બિષિયાં—તે પહેલા અને બીજા દેવ લોકની વચ્ચે એક, ત્રીજા અને ચોથા દેવલોકની વચ્ચે એક, પાંચમા અને છઠ્ઠા દે-

વલોકની વચમાં ભેદ એમ ત્રણ કિલ્બિષિયા દેવો રહે છે.

૯ લોકાંતિક—૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ અગ્નિ, ૪ વરૂણ, ૫ ગરદતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ મરૂત, ૯ રિષ્ટ.

૯ ગ્રૈવેયક—૧ સુદર્શન, ૨ સુપ્રતિબદ્ધ, ૩ મનોરમ, ૪ સર્વભદ્ર, ૫ વિશાલ, ૬ સુમનસ, ૭ સુમણસ, ૮ પ્રિયંકર ૯ આદિત્ય.

૫ અનુત્તર વિમાનના—૧ વિજય ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજીત, ૫ સર્વાર્થસિદ્ધ.

૧૨ બાર દેવલોકના—૧ સૌધર્મ, ૨ ઇશાન ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મ, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસાર, ૯ આણુંત, ૧૦ પ્રાણુંત, ૧૧ આરણ, ૧૨ અચ્યુત.

---

૯૯ આ નવાણું ભેદ પર્યાપ્તા ને અપર્યાપ્તા બે ભેદ ગણતા ૧૯૮ ભેદ દેવતાના. એ રીતે સર્વમળી જીવના પાંચસેં ત્રેસઠ ભેદ થયા.

અજીવના ૫૬૦ ભેદ.

અરૂપી અજીવના ૩૦ ભેદ.

સંખ્યા	નામ	ખંધ	દેશ	પ્રદેશ	દ્રવ્ય	ખેત્ર	કાલ	ભાવ	ગુણ.
૮	ધર્માસ્તિકાય.	૧	૧	૧	૧	૧	૧	૧	૧
૮	અધર્માસ્તિકાય.	૧	૧	૧	૧	૧	૧	૧	૧
૮	આકાશાસ્તિકાય.	૧	૧	૧	૧	૧	૧	૧	૧
૬	કાલ			સમય	૧	૧	૧	૧	૧
									૧
૩૦									

રૂપી અજીવના ૫૩૦ ભેદ.

મુળ ભેદ ૨૫ નાં નામ સ્વામિ સાથે.

૫ વર્ણ ચક્ષુ ગ્રાહ્ય.	૨ ગંધ નાશીકા ગ્રાહ્ય
૧ કૃષ્ણ ભમરાદિ	૧ સુરભિ કોષ્ટપુટાદિ
૨ નીલ શુકપીંછાદિ	૨ દુરભિમૃતકલેવરાદિ
૩ રક્ત મજીઠાદિ.	૫ રસ જીહ્વાગ્રાહ્ય
૪ પીત હલદ્રાદિ	૧ તીખો લીંબાદિ
૫ શ્વેત શંખાદિ	૨ કડુક સુંઠ આદિ
	૩ કષાયલો કોઠાદિ


૪ ખાટો આંબલીઆદિ. ૫ મધુરો ખાંડાદિ.

૮ ફરસ શરીરગ્રાહ્ય.

૧ ભારે લોહ્કં આદિ. ૨ હળવાં વાળઆદિ
૩ સુંવાલો તાલુઆદિ. ૪ ખરસટ મગલાદિ
૫ ટાઢોહાનનીબુરપાદિ. ૬ ઉનો બગલઆદિ.
૭ ચીકણો ખંખઆદિ. ૮ લુખો જીભાદિ.

૫ સંસ્થાન [આકાર].

૧ ચોરસ  ૨ ત્રિકોણ 

૩ વાટલું  ૪ પરિમંડળ ૦

૫ લાંબુ ——

એ રીતે મુલ ભેદ ૨૫ થયા તેના ઉત્તર ભેદ ૫૩૦ કરવાની રીત નીચે લખીએ છીએ.

૧૦૦ પ્રત્યેક વર્ણના ૨૦ ગણતાં પાંચ વર્ણના (૧૦૦). ૨૦ કૃષ્ણના બે ગંધ, પાંચ રસ, આઠ ફરસ, પાંચ સંસ્થાન, ૮૦ નીલાદિ ચારે સાથે એમજ ગણતાં થાય.

૪૬ ગંધ બેના. પ્રત્યેક ગંધના ૨૩ ગણતાં થાય. ૨૩ સુરભીનાં વર્ણ પાંચ, પાંચ રસ, આઠ ફરસ, પાંચ સંસ્થાન, ૨૩ દુરભીનાં સુરભી પ્રમાણે ગણતાં થાય.

૧૦૦ પ્રત્યેક રસના ૨૦ ગણતાં પાંચ રસના૧૦૦

થાય ૨૦ તીખાના—પાંચ વર્ણ, બે ગંધ, આઠ ફરસ, પાંચ સંસ્થાન. એમ વીસ. ૮૦ કટુક આદિ ચારે સાથે કટુકની પેઠે ગણતા થાય.

૧૮૪ પ્રત્યેક ફરસના ૨૩ ગણતાં આઠ ફરસના ૧૮૪ થાય. ૨૩ ભારેના:—પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, (ભારે હળવા વિના) ૬ ફરસ. સંસ્થાન પાંચ એમ ત્રેવીસ થયા. ૧૬૧ (ભારે વિના) બાકીના સાત ફરસના ૨૩ એ ગુણતા થાય.

૧૦૦ પ્રત્યેક સંસ્થાનના ૨૦ ગણતાં પાંચના ૧૦૦ થાય, ૨૦ ચોરસના, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ ફરસ. ૮૦ (ચોરસની પેઠે) બાકીના ચારે સાથે એમજ ગણતાં ૮૦ થાય,

એ રીતે રૂપી અજીવના ૫૩૦ ભેદ થયા, તેની સાથે પ્રથમ અરૂપીના ભેદ ૩૦ મેળવતાં ૫૬૦ જાણવા.

અરિહંત ભગવાનના ૩૪ અતિશય.

૧ રોગ રહિત, શુભગંધ, અદ્દભૂત રૂપ સહિત.

૨ રૂધીર, માંસ સફેદ સુગંધ યુક્ત.

૩ આહાર નિહાર અદ્રશ્ય.

૪ શ્વાસો શ્વાસ કમળની સુગંધ જેવો.

આ ઉપરના ચાર અતિશય સહજના જન્મ થકીજ હોય, નીચેના અગીયાર અતિશય ઘાતી કર્મનો ક્ષય થવાથી થાય.

૫ એક યોજન ભૂમિમાં ત્રણ ભુવનનાં લોક સમાય એવું સમવસરણ.

૬ પ્રાણી માત્ર પોત પોતાની ભાષામાં સમજે એવી વાણી.

૭ પ્રભુ વિચરે તેની આસપાસ ચારે બાજુ ૨૫ યોજન સુધી રોગ ઉપદ્રવની શાન્તિ રહે.

૮ વૈરભાવની શાન્તિ.

૯ દુર્ભિક્ષ દુકાળ ટળે.

૧૦ સ્વચક્ર પરચક્રનો ભય ટળે.

૧૧ મરકી ન હોય.

૧૨ ઇતિ, વિનાશકારક જીવ જંતુની ઉત્પત્તિ
ન હોય.

૧૩ અતિવૃષ્ટિ ન હોય.

૧૪ અનાવૃષ્ટિ ન હોય.

૧૫ પ્રભુની પુઠે ભામંડળ ઝળકાટ કરતું રહે.
હવે દેવકૃત ૧૯ અતિશય હોય તે કહે છે.

૧૬ સિંહાસન મણિરત્નમય સહચારી હોય.

૧૭ ત્રણ છત્ર ભગવાનના મસ્તકની ઉપર હોય

૧૮ ઇંદ્રધ્વજ સદા આગળ ચાલે.

૧૯ શ્વેત ચામરના જોડાં અણવિંઝયાં વિંઝાય

૨૦ ધર્મચક્ર આકાશ માર્ગે આગળ ચાલે.

૨૧ પ્રભુથી બાર ગણો ઉંચો અશોક વૃક્ષ
તેમને છાયા કરતો રહે.

૨૨ ચતુર્મુખે શોભતા દેશના આપે.

૨૩ મણિ કનક રૂપામય ત્રણ ગઢ હોય.

૨૪ સુવર્ણમય નવ કમળ ઉપર ભગવાન ચાલે.

૨૫ કાંટા અધો મુખ થઈ જાય.

૨૬ સંજમ લીધા પછી કેશ ને નખ વધે નહિ.

૨૭ ઇંદ્રિયોના અર્થ પાંચે મનોજ્ઞ હોય.

૨૮ સર્વ ઋતુ સુખદાઇ હોય.

૨૯ સુગંધી પાણીની વૃષ્ટિ હોય.

૩૦ સમવસરણમાં પંચવર્ણાં ફુલ ઉંચી ડાં-
ડીએ જાનુ સુધી પથરાય.

૩૧ પક્ષી સર્વ પ્રદક્ષિણા દેતાં ફરે.

૩૨ વાયુ સાનુકુળ હોય.

૩૩ વૃક્ષ સર્વે નીચાં નમીને પ્રણામ કરતાં રહે

૩૪ દેવ દુંદુભિ આકાશમાં વાજે એ પ્રકારે
અરિહંતભગવાનના ચોત્રીસ અતિશય થાય.

અરિહંત પ્રભુના પાંત્રીસ વાણી ગુણ

૧ જે સ્થાનકે જે ભાષા બોલાતી હોય તે અર્ધ માગધી સહિત બોલે.

૨ ઉંચે સ્વરે દેશના દે એટલે એક યોજન પ્રમાણ સમવસરણમાં લોક સાંભળે.

૩ ગ્રામીક તુચ્છ નહિ પણ પ્રૌઢ ભાષા બોલે

૪ મેઘની પેરે ગર્જારવ સહિત ગંભીર વાણી બોલે.

૫ શબ્દાપેત એટલે પડઘા સહિત વાણી બોલે અને સાંભળનાર છુટે છુટા શબ્દ સાંભળે.

૬ સાંભળનારને સંતોષકારક માનસહિત સરળતા યુક્ત બોલે.

૭ સાંભળનાર હરેક પોત પોતાને આશ્રી કહે છે એમ જાણે.

૮ પુષ્ટ વિસ્તારે અર્થ સહિત બોલે.

૯ પૂર્વાપર અવિરોધ એટલે સરખો મળતો અર્થ બોલે.

૧૦ મોટાઈનાં વચન બોલે જેથી સાંભળનાર એમ કહે કે એતો મોટા પુરૂષજ બોલે તથા અભિમત સિદ્ધાંતોક્ત બોલે.

૧૧ એવું સ્પષ્ટ બોલે કે કોઈ સાંભળનારને બીલકુલ સંદેહ ન રહે.

૧૨ પ્રભુ જે અર્થ વ્યાખ્યાન કરે તેને કોઈ દૂષણ આપી શકે નહિ.

૧૩ ઘણો કઠણ સુક્ષ્મ વિષય પણ સાંભળનારના હૃદયમાં તરત રમે તેમ બોલે.

૧૪ પ્રસ્તાવને ઉચીત બોલે અને મળતો અર્થ આવે તેમ વૃદ્ધ વાદીની પેઠ બોલે.

૧૫ પ્રભુને જે વાત કહેવાની ઈચ્છા છે તે સિદ્ધાંતોક્ત રીતે બોલે.

૧૬ વિષય સંબંધ પ્રયોજન અને અધિકાર સહિત બોલે.

૧૭ પદ રચના અપેક્ષા લેઈને બોલે.

૧૮ નવ તત્વ અને દ્રવ્યની પટુતા બોલવામાં હોય તેમ બોલે.

૧૯ સ્નિગ્ધ મધુર બોલે.

૨૦ પરમર્મ ન જણાય તેમ ચતુરાઇથી બોલે.

૨૧ ધર્મ અર્થ પ્રતિબદ્ધ બોલે.

૨૨ ઉદારપણે દીપક જેવો પ્રકાશ કરી અર્થ બોલે.

૨૩ જે માંહે પરની નિંદા અને પોતાની શ્લાઘા ન દેખાય તેમ બોલે.

૨૪ જે બોલવાથી લોકોને એમ ભાસન થાય કે એ સર્વજ્ઞ છે એમ બોલે.

૨૫ વ્યાકરણ સહિત બોલે.

૨૬ આશ્ચર્યકારી બોલે.

૨૭ સ્વસ્થ ચિત્તે ધીરતા સહિત બોલે.

૨૮ વિલંબ રહિત બોલે.

૨૯ મનની ભ્રાંતિ રહિત બોલે.

૩૦ દેવતા, મનુષ્ય તિર્યંચ પોત પોતાની ભાષામાં સમજે તેમ બોલે.

૩૧ જેમ શિષ્યોને વિશેષ બુદ્ધિ ઉપજવાપણું થાય તેમ બોલે.

૩૨ પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે.
૩૩ સત્ત્વ પ્રધાનપણે એટલે સાહસિકપણે બોલે.
૩૪ પુનરૂક્તિ દોષરહિત બોલે.
૩૫ સાંભળનારને ખેદ ન ઉપજે તેમ બોલે.

પંચપરમેષ્ટિના ૧૦૮ ગુણ.

૧ અરિહંતના ૧૨ ગુણ.

૧ અશોકવૃક્ષ—તે ભગવાનથી બાર ગુણો ઉંચો દેવતાઓ રચે.

૨ પુષ્પવૃષ્ટિ—દેવતાઓ ચોમેર એક જોજન ભૂમિ વિષે પંચવર્ણાં સચિત્ત ફૂલની વૃષ્ટિ કરે.

૩ દિવ્યધ્વનિ—દેવતાઓ ભગવાનની વાણીનો માલવકોષરાગ વિણાઓવડે પુરેછે.

૪ ચામર—રત્નજડિત સુવર્ણની દાંડીવાળા એવા ચામરો ચાર જોડી ભગવંતને વિંઝાયછે.

૫ રત્નજડિત સિંહાસન—સુવર્ણમય સિંહાસન દેવતાઓ બનાવે છે,

૬ ભામંડળ—ભગવાનની પુંઠે શરદઋતુના સૂર્યનાં કિરણ જેવું ભામંડળ કરે.

૭ દુંદુભિ—દેવતાઓ આકાશમાં ભેરી વગાડે છે. તે એમ જણાવે છે કે પ્રમાદ છાડી ભગવાનની વાણી સેવો.

૮ દરેક બાજુએ ત્રણ છત્ર એમ સર્વ મળી બાર છત્ર હોય.

૯ અપાયાપગમાતિશય—સ્વ આશ્રયી અઢાર દોષરહિત, પર આશ્રયી પ્રભુ વિહાર કરે તે જગ્યાએથી સવાસો જોજન પ્રમાણ સુધી અતિ વૃષ્ટયાદિનો ભય દૂર રહે.

૧૦ જ્ઞાનાતિશય—લોકાલોક સ્વરૂપના જાણ.

૧૧ પૂજાતિશય—બળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ, ચાર નિકાયના દેવો તથા જગત્રય વાસી જીવ તેમની પૂજાની અભિલાષા ધરે.

૧૨ વચનાતિશય—ભિલના "સરો" ના દૃષ્ટાંતે ભગવાનની વાણી મનુષ્ય તિર્યંચ અને દેવતાઓને અનુયાયી હોય.

સિદ્ધ ભગવાનના આઠ ગુણ,

૧ જ્ઞાનગુણ—જ્ઞાનાવર્ણિય કર્મક્ષય થવાથીલોકાલોકનું સ્વરૂપ વિશેષપ્રકારે જેનાવડે જાણેછે.

૨ દર્શનગુણ—દર્શનાવર્ણીય કર્મક્ષય થવાથી કેવળ દર્શનની ઉત્પત્તિ થવાથી લોકનું સ્વરૂપ ભલી રીતે દેખે છે.

૩ અવ્યાબાધ સુખ—વેદની કર્મક્ષય થવાથી સર્વ પ્રકારે બાધારહિત નૈરૂપાધિક અનંત સુખ ઉત્પન્ન થયું છે તે.

૪ ક્ષાયકસમ્યક્ત્વ—મોહનીયકર્મનો ક્ષય થઈ જવાથી જે ઉત્પન્ન થયું છે તે.

૫ અક્ષય સ્થિતિ—આયુકર્મનો ક્ષય થવાથી જે સ્થિતિ ઉત્પન્ન થઈ છે તે.

૬ અરૂપી—નામકર્મ ક્ષય થઈ જવાથી રૂપ રહિત વળી વર્ણ, ગંધ, રસ, સ્પર્શરહિત થયા છે.

૭ અગુરુલઘુ—ગોત્રકર્મનો ક્ષય થવાથી હળવા. ભારે નથી કે તેમનામાં ઉંચ નીચપણું નથી.

૮ વીર્ય—અંતરાયકર્મના ક્ષય થવાથી તેમને સ્વભાવિક આત્માનું અનંતબળ હોય છે. જે બળે લોકનું અલોક અને અલોકનું લોક કરી નાંખે એવું બળ તે.

આચાર્યના છત્રીસ ગુણ.

૫ પાંચ ઇંદ્રિયોના ત્રેવીસ વિષયમાંથી પોતાને અનુકુળ હોય. તેના ઉપર રાગ ન ધરે. અને જે પ્રતિકુળ હોય તેના ઉપર દ્વેષ ન ધરે તે.

૯ નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર.

૧ પશુ, નપુંસક, સ્ત્રી રહિત સ્થાનકે રહે

૨ સ્ત્રીની કથા વાર્તા સરાગ એટલે પ્રીતિ યુક્ત કરે નહિ.

૩ જે આસને સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી પર્યંત બ્રહ્મચારી પુરૂષ ન બેસે, ને સ્ત્રી પણ પુરૂષના આસને ત્રણ પહોર સુધી ન બેસે.

૪ સ્રીનાં અંગોપાંગ સરાગે નીરખે નહિ.
૫ ભીંત પ્રમુખના આંતરે સ્રી પુરૂષ બંને સૂતાં હોય અથવા કામ વિષે વાતો કરતાં હોય, ત્યાં બેસી ન રહે.
૬ પૂર્વ અવસ્થામાં સ્રીની સાથે કામ ક્રીડા કરી હોય તેનું સ્મરણ ન કરે.
૭ સરસ સ્નિગ્ધ આહાર ન લે.
૮ નીરસ આહાર પણ અતિ માત્રાએ વજન ઉપરાંત ન લે.
૯ શરીરની શોભા વિભૂષા ન કરે.
૪ ક્રોધાદિક ચાર કષાય તે ચારિત્રના ઘાતક પરિણામ વિશેષ જાણવા તેથી મુક્ત.
૫ પાંચ મહાવ્રતે યુક્ત હોય.
૧ પ્રાણાતિપાત વિરમણ—૭ કાયના જીવોની રક્ષા ત્રિકરણ જોગે કરે.
૨ મૃષાવાદ વિરમણ.—ક્રોધ, લોભ, ભય, હાસ્યથી, દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ સંબંધી મન વચન કાયાએ કરી અસત્ય બોલે

નહિ, બોલાવે નહિ, બોલતા ને ભલો જાણે નહિ.

૩ પારકું અદત્ત તૃણ માત્ર પોતે ન લે લેવરાવે નહિ, લેનારને ભલો ન જાણે તથા તીર્થંકર અદત્ત, ગુરૂ અદત્ત, સ્વામીઅદત્ત અને જીવ અદત્ત ન લે, ન લેવરાવે,લેતાને ભલો ન જાણે.

૪ મૈથુન—૧૮ ભેદ બ્રહ્મચર્ય પાળે તે. નવ પ્રકારે ઔદારિક તે મનુષ્ય તથા તિર્યંચની સ્ત્રી, મન, વચન, કાયાએ કરી ભોગવે નહિ, ભોગવાવે નહિ, ભોગવતાને ભલો જાણે નહીં.

નવ પ્રકારે વૈક્રિય. દેવતાની સ્ત્રી વિષે, ઉપર પ્રમાણે નવ પ્રકારે જાણવું.

૫ નવવિધ પરિગ્રહ રહિત તથા ધાતુ માત્ર મૂર્છા રૂપે રાખે નહિ. ધર્મ સહાયક ઔધિક ચૌદ ઉપકરણ તથા ઔપગ્રહીક જે સંથારો, ઉત્તરપટો દાંડો પ્રમુખ તે ખપ પ્રમાણે રાખે. તે ઉપરાંત ગાંસડી બાંધી

ગૃહસ્થને ઘેર નજ મુકે ને તેમાં મૂર્છા રાખે નહીં

૫ પાંચ વિધ આચાર.

૧ જ્ઞાનાચાર—જ્ઞાન ભણે, ભણાવે, લખે લખાવે, ભંડાર કરે, કરાવે, કરતા ઉપર રાગ કરે.

૨ દર્શનાચારઃ—સમ્યક્ત્વ પાળે, પમાડે, પડતાને હેતુ યુક્તિએ સ્થિર કરે.

૩ ચારિત્રાચારઃ—ચારિત્ર પાળે, પળાવે, પાળતાને અનુમોદે.

૪ તપાચારઃ—બાર ભેદે તપ કરે કરાવે કરતાને અનુમોદે.

૫ વિર્યાચારઃ—ધર્મ અનુષ્ઠાનને વિષે બળ વીર્ય ફોરવે ઇત્યાદિ.

૫ સમિતિ પાંચઃ—

૧ ઇર્યાસમિતિઃ—ધુસરા પ્રમાણ દ્રષ્ટિએ જોતો બધી દિશાએ ઉપયોગ રાખતો ચાલે.

૨ ભાષાસમિતિઃ—સાવદ્ય વચન ન બોલે, નિરવદ્ય વચન બોલે.

૩ એષણા સમિતિઃ—આધા કર્માદિક બેંતા-

ળીસ દોષ રહિત આહાર કરતાં અંગા-
લિક પ્રમુખ માંડલાનાં પાંચ દોષ ટાળે.

૪ આદાનભંડ નિક્ષેપણાસમિતિ—દ્રષ્ટિએજોઈ પુંજી પાત્રાં પ્રમુખ લે મૂકે.

૫ પારિષ્ઠાપનિકા—લઘુનિતિ વડીનિતિને દ્રષ્ટિએ જોઇ પુંજી અણુજાણહ જસુગ્ગહો કહીને પરઠવે પછી ત્રણ વાર વોસિરે વોસિરે કહે.

૩ ત્રણ ગુપ્તિ—દેશથી તથા સર્વથી યોગની નિવૃત્તિ તે ગુપ્તિ. ૧ મન, ૨ વચન, ૩ કાય.

૧ મનોગુપ્તિ ત્રણ ભેદ.

૧ અસત્ કલ્પવિયોજની—તે આર્તરૌદ્રધ્યાન ને અનુબંધી તે શત્રુ તથા રોગાદિક માઠી વસ્તુની અપેક્ષાએ હિંસાદિક આરંભ સંબંધી મનોયોગની નિવૃત્તિ તે. અશુભ ધ્યાન અથવા ભાવનાથી મનને નિવૃતાવવાને પ્રરતાવે થાય છે તે.

૨ સમતાભાવિની—સિદ્ધાંતને અનુસારે ધર્મ

ધ્યાનની અનુયાયી ભાવનાએ કરી સંહિત પરલોક સાધક એવી સમતા પરિણામરૂપ મનોયોગની નિવૃત્તિ તે. એ ગુપ્તિનો અવકાશ શુભ ભાવના અને શુભ ધ્યાનના અભિમુખકાળે થાય.

૩ આત્મારામતા—શૈલેશીકરણ કાળે સકળ મનોયોગની નિવૃત્તિ તે.

વચનગુપ્તિના બે ભેદ.

૧ મૌનાવલંબિની—હોંકારો, ખોંખારો, પાષાણ, કાષ્ટનું ફેંકવું, નેત્રપલ્લવી, કરપલ્લવી, પ્રમુખ છાંડીને મૌન રહેવું, તથા સકળ ભાષા યોગનું રૂંધવું તે.

વાગ્નિયમિની—ભણવું, ભણાવવું, પુછવું, પ્રશ્નોત્તર દેવા, ધર્મોપદેશ દેવા, પરાવર્તના પ્રમુખને કાળે, યતનાપૂર્વક લોકને તથા શાસ્ત્રને અનુસારે મુખે વસ્ત્રાદિ દઈને બોલતાં જે સાવદ્યયોગની નિવૃત્તિ તે.

૩ કાયગુપ્તિ—બે પ્રકારે.

૧ ચેષ્ટાનિવૃત્તિરૂપ તે—કાયોત્સર્ગાવસ્થાએ કાયયોગની સ્થીરતા અથવા સકળ કાયયોગનું રૂંધવું તે.

૨ યથાસૂત્રચેષ્ટાનિયમિની-તે શાસ્ત્ર અનુસારે સુવું, બેસવું, મુકવું, લેવું, જવું, આવવું, ઉભું રહેવું ઈત્યાદિક ઠામે કાયાયે કરી પોતાને છંદે પ્રવર્તતી ચેષ્ટાથી નિવર્તતે.

ઉપાધ્યાયજીના ૨૫ ગુણ.

૧૧ અંગ ભણે ભણાવે તેનાં નામ—

૧ આચારાંગ. ૨ સૂયગડાંગ. ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ. ૫ ભગવતી. ૬ જ્ઞાતા. ૭ ઉપાશકદશાંગ. ૮ અંતગડદશાંગ. ૯ અનુત્તરોવવાઈ, ૧૦ પ્રશ્નવ્યાકરણ. ૧૧ વિપાક.

૧૨ ઉપાંગ ભણે ભણાવે.

૧ ઉવવાઈ ૨ રાયપસેણી. ૩ જીવાભિગમ. ૪ પંન્નવણા. ૫ જંબુદ્વિપ પન્નત્તિ. ૬ ચંદપન્નત્તિ ૭ સૂર્યપન્નત્તિ. ૮ કાપ્પિયા ૯ કપ્પ-

વડંસિયા. ૧૦ પુપ્ફિયા. ૧૧ પુપ્ફચુલિઆ, ૧૨ વન્હિદશાંગ.

૧ ચરણ સિત્તરી પાળે.—

૫ મહાવ્રત. ૧૦ વિધ યતિધર્મ. ૧૭ પ્રકારે સંજમ. ૧૦ પ્રકારે વૈયાવૃત્ય. ૯ બ્રહ્મચર્યની ગુપ્તિ. ૩ જ્ઞાનાદિત્રીક. ૧૨ પ્રકારે તપ. ૪ કષાયનો નિગ્રહ. પાછળ પાનું ૪૬ જુઓ.

૨ કરણસિત્તરિ.—

૪ પ્રકારે પિંડ વિશુદ્ધિ. ૫ સમિતિ. ૧૨ ભાવના. ૧૨ પડિમા. ૫ ઇંદ્રિયોનો નિરોધ. ૨૫ પ્રતિલેખના. ૩ ગુપ્તિ. ૪ અભિગ્રહ. પાછળ પાનું ૫૦ મું જુઓ.

સાધુ મહારાજના ૨૭ ગુણ.

૫ મહાવ્રત. ૧ રાત્રિભોજનવ્રત. ૬ કાયની રક્ષા. ૫ ઇંદ્રિયોનો નિગ્રહ કરે. ૧ લોભનો નિગ્રહ કરે. ૧ ક્ષમા કરે. ૧ ચિત્તની નિર્મળતા કરે. ૧ બાહ્ય ઉપકરણાદિકનું પડિલેહણ ઉપયોગ સહિત કરે. ૧ સંજમયોગ સહિત. ૩ મન,

વચન-કાયાને માઠે કામે પ્રવર્તતાં રોકે, ૧ બાવીસ પરિસહ સહન કરે. ૧ મર્ણાંત ઉપસર્ગ સહન કરે પણ ધર્મ ન મુકે.

નવ પદ મધ્યેનાં બાકીનાં ૪ પદ.

૧ દર્શન—એટલે સમકિત તેના સડસઠ ભેદ છે, તે સમકિતના સડસઠ બોલ માટે પાના ૧૩ થી ૨૬ સુધી જુઓ.

૨ જ્ઞાન પદ પાંચ પ્રકારે છે—૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, એ પાંચના ઉત્તર ભેદ નીચે મુજબ થાય છે:—

૧ મતિજ્ઞાન—પાંચ ઇંદ્રિય અને છઠું મન તેના વ્યાપારે કરી વસ્તુનું વિશેષ જાણવું તે. તેના અઠ્યાવીસ અથવા ૩૨ ભેદ.

૨ શ્રુતજ્ઞાન—પુર્વાપર પર્યાલોચન સ્વરૂપ વ્યંજન પર્યાય વિશિષ્ટ મતિપૂર્વક જ્ઞાન તે. તેના ૧૪ અથવા ૨૦ ભેદ.

૩ અવધિજ્ઞાન—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને

ભાવ એ ચાર મર્યાદાએ, ઇંદ્રિય અને મનની અપેક્ષા વિના રૂપી દ્રવ્ય વિષયિક આત્મ પ્રત્યક્ષ જ્ઞાન તે. તેના ૭ ભેદ.

૪ મનઃપર્યવજ્ઞાન—સંજ્ઞિ પંચેંદ્રિયના મનોગત ભાવ જાણવાનું જે જ્ઞાન તે. તેના બે ભેદ.

૫ કેવળજ્ઞાન—કેવળ સંપૂર્ણ સર્વ દ્રવ્ય પર્યાયને વિષે અનંતજ્ઞાન તે.

મતિજ્ઞાનના ૨૮ અથવા ૩૨ ભેદ—

૪ ચાર વ્યંજનાવગ્રહ. વ્યંજન એટલે સ્પર્શનાદિક દ્રવ્યેંદ્રિય તથા જ્યાં સ્પર્શાદિ વ્યક્ત થાય તે ઘટપટાદિક પણ વ્યંજન કહેવાય, અને અવગ્રહ એટલે સમસ્તપણે ગ્રહવું-મળવું તે. ૧ સ્પર્શેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૨ રસેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૩ ઘ્રાણેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૪ શ્રોતેંદ્રિય વ્યંજનાવગ્રહ.

અર્થાવગ્રહ—પદાર્થનું ગ્રહણ કરવું તે.

ઇહા—અવગ્રહિત અર્થની વર્ણ, ગંધ,

રસ, સ્પર્શાદિ ધર્મ વિષયિણી વિચારણા તે.

અપાય—ઇહિત અર્થનું એક અંતધર્મ સહિતપણે નિર્ધારવું તે.

ધારણા—નિર્ણીત અર્થ, વાસના સંસ્કાર-પૂર્વક ચિત્તમાં ધરે, અથવા તેવી વસ્તુ દેખી વિચારતાં સાંભરે તે.

એ અર્થાવગ્રહાદિક ચારને ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ શ્રોત અને મન એ છએ ગુણતાં ચોવીસ ભેદ થાય. અને પૂર્વોક્ત વ્યંજના-વગ્રહના ચાર ભેદ મેળવતાં મતિજ્ઞાનના અ-ઠ્યાવીસ ભેદ થયા. વળી—

૧ ઔત્પાતિકી મતિ—કાર્ય સમયે કાર્યને પાર પાડવાની અક્કલ તે.

૨ વૈનયિકી મતિ—ગુરૂનો વિનય કરતાં અ-ક્કલની વૃદ્ધિ થાય તે.

૩ કાર્મિકી મતિ-કાર્ય કરતાં કરતાં અભ્યાસ વિશેષ વિશેષ મતિ થાય તે.

૪ પારિણામિકી મતિ—વયના મોટપણાથી

વૃદ્ધને અક્કલ ઉપજે તે. આ ચાર ભેદ તે અશ્રુત નિઃશ્રીત મતિના છે તે પૂર્વના અઠયાવીસ સાથે મેળવતાં બત્રીસ ભેદ પણ મતિ જ્ઞાનના થાય.

શ્રુત જ્ઞાનના ૧૪ ભેદ.

૧ અક્ષર શ્રુત—મુખે બોલવું તથા કાગળ પર લખવું તે.

૨ અનક્ષરશ્રુત—છીંક, ખાંસી, શ્વાસ, ઓડકારાદિકે કરી પુરૂષાદિકનું જ્ઞાન થાય તે.

૩ સંજ્ઞિશ્રુત—સંજ્ઞિપંચેન્દ્રિય જીવનું શ્રુત તે.

૪ અસંજ્ઞિશ્રુત—મનરહિત અસંજ્ઞિ જીવોનું ઇંદ્રિયથી જે થાય તે.

૫ સમ્યકશ્રુત—સમ્યક્દ્રષ્ટિ જીવનું શ્રુત તે.

૬ મિથ્યાશ્રુત—મિથ્યાદ્રષ્ટિ જીવને જે પરિણમે તે.

૭ સાદિશ્રુત—એક ભવ્યજીવ આશ્રયી સમ્યક્ત્વ પામે ત્યારે.

૮ અનાદિશ્રુત—અનેક જીવ આશ્રયી શ્રુતજ્ઞાનની આદિ નથી તે.

૯ સપર્યવસિતશ્રુત—એક જીવ આશ્રયી જ્યારે સમ્યક્ત્વ વમે ત્યારે અથવા કેવળજ્ઞાન પામે ત્યારે ભાવશ્રુત ટળી જાય એટલે શ્રુતનો અંત થાય તે.

૧૦ અપર્યવસિતશ્રુત—અનેક જીવ આશ્રયી પ્રવાહરૂપે શ્રુતનો અંત નથી તે.

૧૧ ગમિકશ્રુત—સરખા પાઠ તથા આલાવાથી બાંધ્યું જે શ્રુત દૃષ્ટિવાદ પ્રમુખ તે.

૧૨ અગમિકશ્રુત—કાલિકશ્રુતની પેઠે જેના પાઠ સરખા ન હોય તે.

૧૩ અંગપ્રવિષ્ટશ્રુત—આચારાંગાદિ દ્વાદશાંગીનું જ્ઞાન તે.

૧૪ અંગબાહ્યશ્રુત—અંગરહિત દશ વૈકાલિક ઉત્તરાધ્યયનાદિક પ્રકરણાદિકનું જ્ઞાન તે.

શ્રુતજ્ઞાનના ૨૦ ભેદ.

૧ પર્યાયશ્રુત.
૨ પર્યાય સમાસશ્રુત.
૩ અક્ષરશ્રુત.
૪ અક્ષર સમાસશ્રુત.
૫ પદશ્રુંત.
૬ પદ સમાસશ્રુત.
૭ સંઘાતશ્રુત.
૮ સંઘાત સમાસશ્રુત.
૯ પ્રતિપ્રત્તિ શ્રુત.
૧૦ પ્રતિપત્તિ સમાસશ્રુત.
૧૧ અનુયોગશ્રુત.
૧૨ અનુયોગ સમાસશ્રુત.
૧૩ પ્રાભૃત પ્રાભૃતશ્રુત.
૧૪ પ્રાભૃત પ્રાભૃત સમાસશ્રુત.
૧૫ પ્રભૃાતશ્રુત.
૧૬ પ્રાભૃત સમાસશ્રુત.
૧૭ વસ્તુશ્રુત.

૧૮ વસ્તુ સમાસશ્રુત.
૧૯ પૂર્વશ્રુત.
૨૦ પૂર્વ સમાસશ્રુત.

આ વીસ ભેદનો અર્થ કર્મગ્રંથ પહેલાથી જાણી લેવો.

અવધિજ્ઞાનના છ ભેદ.

૧ અનુગામિ અવધિજ્ઞાન—લોચનની પેઠ સાથે રહે તે.
૨ અનનુગામિ અવધિજ્ઞાન—દીવાની પેઠ જે સ્થળે થયું હોય તેજ સ્થળે આવે ત્યારે દેખે તે.
૩ વધમાન અવધિજ્ઞાન—દિનદિન પ્રતિ વધતું જાય તે.
૪ હિયમાન અવધિજ્ઞાન—દિનદિન પ્રતિ ઘટતું જાય તે.
૫ પ્રતિપાતિ અવધિજ્ઞાન—આવેલું જાય તે.
૬ અપ્રતિપાતિ અવધિજ્ઞાન—આવેલું ન જાય તે.

મનઃપર્યવજ્ઞાનના બે ભેદ.

૧ ઋજુમતિ—અઢીદ્વિપ માંહેનાં સંજ્ઞિ પંચેન્દ્રિય જીવના મનના પર્યાય સામાન્યપણે જાણે તે.

૨ વિપુલમતિ—અઢીદ્વિપ માહેનાં સંજ્ઞિ પંચેન્દ્રિય જીવના મનના પર્યાય વિશેષપણે જાણે તે.

૧ કેવળજ્ઞાન તે માત્ર એકજ ભેદ હોય, જેનાવડે કરી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

૩ જું ચારિત્રપદ ૫ ભેદે છે.

૧ સામાયિક ચારિત્ર—રાગદ્વેષરહિત એવા જીવને જ્ઞાન, દર્શન, અને ચારિત્રનો લાભ થવો તે. તેના બે ભેદ. ૧ દેશવિરતિરૂપ તે શ્રાવકને, બીજુ સર્વ વિર્તિરૂપ તે સાધુ મહારાજને હોય તે.

૨ છેદોપસ્થાપનીયં—પૂર્વ પર્યાયનો છેદ કરવો અને નવા પર્યાયનું સ્થાપન કરવું એટલે વડી દિક્ષા આપવી તે.

૩ પરિહાર વિશુદ્ધિ—તપોવિશેષ તેણે કરી કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તે.

૪ સુક્ષ્મ સંપરાય—સુક્ષ્મ છે કષાય જ્યાં એટલે દસમા ગુણઠાણાવાળા ચારિત્રિયાને જે હોય તે.

૫ યથાખ્યાત—સર્વ કષાયરહિતપણું જ્યાં હોય તે. ૧૧ થી ચોદમા ગુણઠાણા સુધી અને મોક્ષમાં હોય તે.

૪ થું તપ પદ ૧૨ ભેદેછે. તેમાં ૭ બાહ્ય.

૧ અનશન તપ—આહારનું ત્યાગ કરવું; તથા ઉપવાસાદિ કરવું તે.

૨ ઉનોદરી તપ—આહાર, વસ્ત્ર, તથા રાગ-દ્વેષની ઓછાશ કરવી તે.

૩ વૃત્તિસંક્ષેપ—આજીવિકાનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સંક્ષેપ કરવો તે.

૪ રસત્યાગ—વિગયાદિકનો ત્યાગ કરવો, અને આંબિલ પ્રમુખ કરવું તે.

૫ કાયકલેશ—લોચાદિ કષ્ટ સહન કરવું તથા

ઉત્કટાદિ આસને કષ્ટ સહેવુ તે.

૬ સંલીનતા—અંગોપાંગાદિકનું સંવરવું તે.

૭ અભ્યંતર.

૭ પ્રાયશ્ચિત—કીધેલા અપરાધની શુદ્ધિ કરવી તે.

૮ વિનય—ગુણવંતની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી તે.

૯ વૈયાવૃત્ય—ગુરૂ આદિકને આહારાદિક આણી આપવો તથા કેડ પગાદિ ચાંપવા તે.

૧૦ સ્વાધ્યાય—ભણવું, ભણાવવું, સંદેહ દૂર કરવો, ભણેલું ફરી સંભારવું, અર્થ ચિંતવવો, ધર્મોપદેશ કરવો તે.

૧૧ ધ્યાન—આર્ત્ત તથા રૌદ્રધ્યાનનું નિવારવું અને ધર્મધ્યાન તથા શુકલધ્યાનનું ધ્યાવવું તે.

૧૨ કાયોત્સર્ગ—પરવસ્તુનો ત્યાગ કરવો તથા કર્મના ક્ષયનિમિત્તે કાયોત્સર્ગ કરવો તે.

ચાર ધ્યાનનો વિચાર.

૧ આર્તધ્યાન ૨ રૌદ્રધ્યાન.
૩ ધર્મધ્યાન ૪ શુકલધ્યાન.

૧ આર્ત ધ્યાનઃ—મનમાં આહટદોહટના પરિણામ તે. તેના ૪ ભેદ.

૧ ઈષ્ટવિયોગઃ—ઈષ્ટ વસ્તુનો વિયોગ થયાથી વિલાપ કરે તે.

૨ અનિષ્ટસંયોગઃ—અનિષ્ટ વસ્તુ મળવાથી મનમાં દુઃખ, ચિંતા ઉપજે તે.

૩ રોગ ચિંતાઃ—શરીરમાં રોગ ઉપન્યા થકી દુઃખ ધરે ચિંતા ઘણી કરે તે.

૪ અગ્રશોચઃ—મનમાં આગળના વખતનો શોચ કરે તે.

૨ રૌદ્રધ્યાનઃ—કઠોર પરિણામનું ચિંતવન કરે તે. તેના ૪ ભેદ.

૧ હિંસાનુબંધીઃ—જીવહિંસા કરીને કે કોઇને કરતો દેખીને ખુશી થાય. કે યુદ્ધની અનુમોદના કરે તે.

૨ મૃષાનુબંધી:—જુઠું બોલીને મનમાં હરખ પામે કે જુઓ મેં કેવું કપટ કેળવ્યું. મારા જુઠાપણાની કોઇને ખબર પડી નહિ. એવો મૃષાવાદ રૂપ પરિણામ તે.

૩ ચોરાનુબંધી—ચોરી કરી અથવા ઠગાઈ કરી મનમાં ખુશી થાય તે.

૪ પરિગ્રહરક્ષણાનુબંધી—પરિગ્રહ, ધન, ધાન્ય, પરિવાર ઘણા વધવાની લાલચ હોય એટલે તેમના રક્ષણ માટે ગમે તેવું પાપ કરે અથવા તે ઘણા મળવાથી અહંકાર કરે તે.

૩ ધર્મધ્યાન—ઉત્સર્ગ અપવાદ રૂપ ધર્મ અને વસ્તુનો સ્વભાવ તે ધર્મ. તેનું ભાસન, રમણ ચિંતન કરવું તે. તેના ચાર ભેદ.

૧ આજ્ઞાવિચય—વિતરાગ દેવની આજ્ઞા સાચી કરી સદ્દહે તે.

૨ અપાયવિચય—જીવમાં અશુદ્ધપણે કર્મ-

ના યોગથી સંસારી અવસ્થામાં અનેક અપાય (દૂષણ) છે તે અજ્ઞાન રાગ, દ્વેષ, કષાય, આશ્રવ, એ મારા નથી હું એથી ન્યારો છું, ઈત્યાદિ વિચારવું તે.

૩ વિપાકવિચય—અનંત ગુણમયી જીવ છે તો પણ કર્મ વશે દુઃખી છે, તે કર્મનો વિપાક ચિંતવે જે આઠે કર્મ આઠ ગુણ દાબ્યા છે, અને સંસારમાં જીવને કર્મ વશે સુખદુખ છે, માટે તેમાં હરખ શોક કરવો નહિ, પણ તેનું સ્વરૂપ વિચારવું તે.

૪ સંસ્થાનવિચય—ચોદ રાજલોકનું સ્વરૂપ વિચારવું, કે એ લોક ચોદરાજ ઉંચો છે તેમાં સાત રાજ અધો લોક છે. વચમાં અઢારસો જોજન ત્રિછો લોક છે. તે ઉપર કાંઈક ઉણા સાતરાજ ઉર્ધ્વ લોક છે તેમાં વૈમાનિક દેવતા વસે છે. તે ઉપર સિદ્ધ શિલા છે. એ લોકનું સંસ્થાન છે. તેમાં આપણા

જીવે સંસારમાં ભમતાં સર્વ લોકને જન્મ મરણે કરી ફરસ્યો છે. એવું જે લોક સ્વરૂપ તથા લોકમાં પંચાસ્તિકાયનું અવસ્થાન તથા પરિણમન, દ્રવ્યમાં ગુણપર્યાયનું અવસ્થાન તેની એકાગ્રતાએ તન્મય ચિંતવન પરિણામ તે. ધર્મધ્યાન ચોથાથી સાતમા ગુણઠાણા સુધી હોય.

શુકલધ્યાન—નિર્મળ. શુદ્ધ પર આલંબન. વિના આત્માના સ્વરૂપને તન્મયપણે ધ્યાવે તે. તેના ચાર ભેદ.

૧ પૃથકત્વવિતર્કસપ્રવિચાર—જીવથી અજીવ, સ્વભાવથી વિભાવ સ્વરૂપમાં દ્રવ્યથી પર્યાયની જુદા પાડીને વહેંચણ કરવી, તે પૃથકત્વ. તેના શ્રુતજ્ઞાને સ્થિત ઉપયોગ તે વિતર્ક. તે નિર્મળ વિકલ્પ રહિત પોતાની સત્તાને ધ્યાવે. તે આઠમાંથી અગ્યારમા ગુણઠાણા સુધી હોય.

૨ એકત્વવિતર્કઅપ્રવિચાર—આપણા ગુણ પર્યાયની એકતા કરી ધ્યાવે તે શ્રુત-જ્ઞાનાવલંબીપણુ વિકલ્પ રહિત દર્શન જ્ઞાનને સમયાંતરે કારણતા વિના રત્ન ત્રયીનો એક સમયી કારણ કાર્યતાપણે જે ધ્યાન, વીર્ય ઉપયોગની એકાગ્રતા તે. એ પાયો બારમે ગુણઠાણે ધ્યાવે. એ બે પાયામાં શ્રુતજ્ઞાનાવલંબીપણું છે. પણ અવધિ, મનપર્યવ જ્ઞાને વર્તતો જીવ કોઈ ધ્યાન કરી શકે નહિ એ બે યાન પરાનુંઆયી છે. માટે એ ધ્યાનથી ઘનઘાતિઆ ચાર કર્મ ખપાવે નિર્મળ કેવળજ્ઞાન પામે. પછી તેરમે ગુણઠાણે ધ્યાનાંતરીકાપણુંછે. તેરમાના અંતે અને ચોદમા ગુણઠાણે એ બે પાયા ધ્યાવે.

૩ સુક્ષ્મક્રિયા અપ્રતિપાતિ—સુક્ષ્મ મન વચન કાયાના યોગ રૂંધે. શૈલેશી કરણે કરી અયોગી થાય તે. જે અપ્ર-

તિપાતિ નિર્મળ વીર્ય અચળતા રૂપ પરિણામ તે સુક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ ધ્યાન. અહીં ૮૫ પ્રકૃતિમાંથી ૭૨ ખપાવે.

૪ ઉચ્છિન્નક્રિયાનુંવૃત્તિ—યોગ નિરૂંધ કીધા પછી ૧૩ પ્રકૃતિ ખપાવે અકર્મા થાય. સર્વ ક્રિયા રહિત થાય. તે ધ્યાનમાં શેષ દળખરણ રૂપ ક્રિયા ઉછેદ. અવગાહના દેહમાનમાંથી ત્રીજો ભાગ ઘટાડે તે.

બીજી રીતે ચાર ધ્યાન.

૧ પદસ્થ—અરિહંતાદિક પાંચ પરમેષ્ટિનાં ગુણ સંભારે તેનું ચિત્તમાં ધ્યાન કરે તે.

૨ પિંડસ્થ—શરીરમાં રહ્યા જે આપણો જીવ તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુના ગુણ સર્વે છે. એવું ધ્યાન તે અથવા ગુણીના ગુણમધ્યે એકત્વતાએ ઉપયોગ કરવો તે.

૩ રૂપસ્થ—રૂપમાં રહ્યા થકા પણ એ મારો જીવ અરૂપી અનંત ગુણી છે. જે વસ્તુનું

સ્વરૂપ અતિશય અવલંબી થયા પછી આત્માનું રૂપ એકતાપણું એવું જે ધ્યાન તે. એ ત્રણ ધ્યાન ધર્મ ધ્યાનમાં ગણવાં.

૪ રૂપાતિત—નિરંજન, નિર્મળ, સંકલ્પ વિકલ્પ રહિત, અભેદ એક શુદ્ધ સત્તારૂપ ચિદાનંદ તત્ત્વામૃત, અસંગ, અખંડ, અનંત ગુણપર્યાય રૂપ આત્મ સ્વરૂપનું ધ્યાન તે. અથવા માર્ગણા, ગુણઠાણા, નય પ્રમાણ મતિ આદિક જ્ઞાન, ક્ષયોપશમ ભાવ સર્વ છાંડવા યોગ્ય થયા એક સિદ્ધમૂળ ગુણને ધ્યાવે તે, એટલે મોક્ષનું કારણ જે ધ્યાન તે કહ્યું.

અથ ચૌદ માર્ગણાનાં નામ ઉત્તરભેદ સહિત.

૧ પહેલી ગતિ માર્ગણા ચાર પ્રકારે છે—
૧ દેવગતિ ૨ મનુષ્યગતિ ૩ તિર્યંચગતિ ૪ નરકગતિ.

૨ ઇંદ્રિયમાર્ગણા પાંચ પ્રકારે છે—૧ એકેંદ્રી ૨ બેંદ્રી ૩ તેંદ્રી ૪ ચૌરિંદ્રી ૫ પંચેંદ્રી.

૩ કાયમાર્ગણા છ પ્રકારે છે—૧ પૃથ્વીકાય ૨ અપકાય ૩ તેઉકાય ૪ વાયુકાય ૫ વનસ્પતિકાય ૬ ત્રસકાય.

૪ યોગમાર્ગણા ત્રણ પ્રકારે છે—૧ મનોયોગ ૨ વચનયોગ ૩ કાયયોગ.

૫ વેદમાર્ગણા ત્રણ પ્રકારે છે—૧ પુરૂષવેદ ૨ સ્ત્રીવેદ ૩ નપુંસકવેદ.

૬ કષાયમાર્ગણા ચાર પ્રકારે છે—૧ ક્રોધ ૨ માન ૩ માયા ૪ લોભ.

૭ જ્ઞાનમાર્ગણા આઠ પ્રકારે છે—૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન ૫ કેવલજ્ઞાન ૬ મતિઅજ્ઞાન ૭ શ્રુતઅજ્ઞાન ૮ વિભંગજ્ઞાન.

૮ સંયમમાર્ગણા સાત પ્રકારે છે—૧ સામાયિક ચારિત્ર ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર ૩ પરિહાર બિશુદ્ધિ ચારિત્ર ૪ સૂક્ષ્મસંપરાય ચારિત્ર ૫ યથાખ્યાત ચારિત્ર ૬ દેશવિરતિ

ચારિત્ર ૭ અસંયમ અવિરતિ.

૯ દર્શનમાર્ગણા ચાર પ્રકારે છે—૧ ચક્ષુદર્શન ૨ અચક્ષુદર્શન ૩ અવધિદર્શન ૪ કેવલદર્શન.

૧૦ લેસ્યામાર્ગણા છ પ્રકારે છે—૧ કૃષ્ણલેશ્યા ૨ નીલલેશ્યા ૩ કાપોતલેશ્યા ૪ તેજોલેશ્યા ૫ પદ્મલેશ્યા ૬ શુકલલેશ્યા

૧૧ ભવ્યમાર્ગણા બે પ્રકારે છે—૧ ભવ્ય ૨ અભવ્ય.

૧૨ સમ્યક્માર્ગણા છ પ્રકારે છે—૧ ઉપશમ ૨ ક્ષયોપશમ ૩ ક્ષાયિક ૪ મિશ્ર ૫ સાસ્વાદન ૬ મિથ્યાત્વ.

૧૩ સન્નીમાર્ગણા બે પ્રકારે છે—૧ સન્ની ૨ અસન્ની.

૧૪ આહારમાર્ગણા બે પ્રકારે છે—૧ આહારક ૨ અણાહારક.

એ રીતે ચૌદ માર્ગણાના ઉત્તર ભેદ (૬૨) થયા.

પરચુરણ બોલ.

સાત નયનાં નામ.

૧ નૈગમનય. ૨ સંગ્રહનય. ૩ વ્યવહાર નય. ૪ રૂજુસૂત્રનય. ૫ શબ્દનય. ૬ સમભિરૂઢનય. ૭ એવંભૂતનય.

ચાર નિક્ષેપનાં નામ.

૧ નામનિક્ષેપ ૨ સ્થાપનાનિક્ષેપ. ૩ દ્રવ્યનિક્ષેપ. ૪ ભાવનિક્ષેપ.

ચાર કારણનાં નામ ૧ઉપાદાન કારણ,૨ નિમિત્ત કારણ,૩ અસાધારણ કારણ,૪ અપેક્ષા કારણ.

આઠ મદનાં નામ--૧ જાતિ મદ, ૨ કુલ મદ, ૩ બલમદ, ૪ રૂપમદ, ૫ શ્રુતમદ, ૬ તપોમદ, ૭ લાભમદ, ૮ ઐશ્વર્યમદ.

અષ્ટમંગલિકનાં નામ--૧ આરીસો, ૨ ભદ્રાસન, ૩ વર્દ્ધમાન, ૪ શ્રીવત્સ, ૫ મત્સ્ય યુગ્મ, ૬ પ્રધાનકુંભ, ૭ સાથીઓ, ૮. નંદાવર્ત.

શ્રાવકનાં બાર વ્રત--પાંનુ ૩૮ મું બોલ ૨૨ મો જુઓ.

ચૌદ ગુણઠાણાનાં નામ--પાનું ૩૫ મું. ૧૧ મો બોલ જુઓ.

સમૂર્છિમ મનુષ્યને ઉપજવાનાં ચૌદ સ્થાનક. ૧ વડિનીતિ (વીષ્ટા) માંહે ૨ લઘુનીતિ (પેસાબ) માંહે. ૩ શ્લેષ્મ (લીંટ)માંહે. ૪ નાસિકાના મેલમાંહે. ૫ વમનમાંહે. ૬ પિતમાંહે ૭ પરૂમાંહે. ૮ રક્તમાંહે. ૯ શુક્રપૃદ્દગલમાંહે. ૧૦ સાડેસુવા વીર્યમાંહે. ૧૧ મૃતકલેવરમાંહે. ૧૨ સ્રી પુરૂષને સંયોગે. ૧૩ નગરના ખાલ માંહે. ૧૪ સર્વઅશુચિ સ્થાનમાંહે.

ત્રીસ અકર્મભૂમિક્ષેત્રનાં નામ--૫ હેમવંતં ક્ષેત્ર ૫ ઉત્તરકુરૂક્ષેત્ર ૫ દેવકુરૂક્ષેત્ર ૫ હુરિવર્ષક્ષેત્ર ૫ રમ્યકક્ષેત્ર ૫ એરણ્યવ્રતક્ષેત્ર.

પંદરકર્મ ભૂમિક્ષેત્રનાં નામ--૫ ભરતક્ષેત્ર ૫ એરવ્રતક્ષેત્ર. ૫ મહા વિદેહક્ષેત્ર.

સિદ્ધના ૩૧ ગુણનાં નામ—પાંચ સંસ્થાન રહિત, ૫ વર્ણરહિત ૨ ગંધ રહિત, ૫ રસ રહિત. ૮ ફરસરહિત, ૩ વેદરહિત, ૨ શરીર

રહિત, ૧ સંગ રહિત, ૧ જન્મ રહિત..
પ્રકારાંતરે વળી સિદ્ધના એકત્રીસ ગુણ કહેછે.

૫ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મથી રહિત.
૯ પ્રકારનાં દર્શનાવરણીય કર્મથી રહિત.
૨ પ્રકારનાં વેદનીયકર્મથી રહિત.
૨ પ્રકારનાં મોહનીયકર્મથી રહિત.
૪ પ્રકારનાં આયુકર્મથી રહિત.
૨ પ્રકારનાં નામકર્મથી રહિત.
૨ પ્રકારનાં ગોત્રકર્મથીં રહિત.
૫ પ્રકારના અંતરાયકર્મથી રહિત.

સાત ભયનાં નામ.

૧ હસ્તિનો ભય. ૫ સમુદ્રાદિ જળનો ભય
૨ સિંહનો ભય. ૬ રાજાનો ભય.
૩ સર્પનો ભય. . .૭ ચોરનો. ભય.
૪ અગ્નિનો ભય.

સંસારી જીવને સાત મ્હોટાં સુખ કહ્યાં છે તેનાં નામ.

૧ રોગરહિત શરીર હોય,
૨ કોઈનો દેણદાર ન હોય
૩ યાત્રાદિ વિના આજીવીકાર્થે પરદેશ ન જાય.
૪ ઘરમાં સ્ત્રી સુપાત્ર હોય.
૫ પુત્ર પૌત્રાદિકનું સુખ હોય.
૬ સગાં કુટુંબાદિક ચારેપક્ષે કરી સહિત હોય.
૭ પંચ મહાજનમાં પ્રતિષ્ટાવાન્ હોય.

છ દર્શનનાં નામ.

૧ જૈન દર્શન. ૨ મીમાંસક દર્શન. ૩ બૌદ્ધ દર્શન, ૪ નૈયાયિક દર્શન. ૫ વૈશેષક દર્શન. ૬ સાંખ્ય દર્શન.

સાત ભયનાં નામ.

૧ ઇહલોક ભય, ૨ પરલોકભય. ૩ આદાન ભય. ૪ અકસ્માત ભય. ૫ વેદના ભય ૬ મરણભય. ૭ અપજશ કે અપકીર્તિનોભય.

૭ ભાષાનાં નામ.

૧ સંસ્કૃત. ૨ પ્રાકૃત. ૩ શૌરસેની. ૪ માગધી. ૫ પૈશાચિકી. ૬ અપભ્રંશી.

ચક્રવર્ત્તિનાં ચૌદ રત્નમાં સાત એકેંદ્રિય રત્ન છે. તેનાં નામ.

૧ ચક્રરત્ન, ૨ છત્રરત્ન, ૩ ચર્મરત્ન, ૪ દંડરત્ન, ૫ અસિરત્ન, ૬ મણિરત્ન, ૭ કાંગણીરત્ન.

સાત પંચેંદ્રિય રત્નોનાં નામ.

૧ સેનાપતિ રત્ન. ૨ ગાથાપતિ રત્ન. ૩ સૂત્રધાર રત્ન. ૪ પુરોહિત રત્ન. ૫ સ્ત્રી રત્ન. ૬ અશ્વ રત્ન. ૭ ગજ રત્ન.

અથ કાલ પ્રમાણ.

૧ પ્રથમ અતિ સૂક્ષ્મ કાળને એક સમય કહીએ
૨ તેવા અસંખ્યાતા સમયે એક आवलिकाथाय
૩ તેવી (૧૬૭૭૭૨૧૬) આવલિકાએ एक मुहूर्त્ત થાય.

૪ ત્રીસ મુહૂર્તે એક દિવસ એટલે एक अहोरात्र થાય.

૫ પંદર અહોરાત્રે એક पखवाडीयुं થાય.

૬ બે પખવાડીયે एक महीनो થાય.

૭ બાર મહીને एक वर्ष થાય.

૮ તેવા(૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦)વર્ષે एक पूर्वथाय.

૯ તેવા અસંખ્યાતા પૂર્વે एक पल्योपम થાય. તે આવી રીતે કે ચાર ગાઉ ઉંડા અને ચાર ગાઉ પહોળો વાટલાકારે ત્રણ યોજન ઝાઝેરી પરિધિવાળો એક પલ્ય કલ્પવો, તેમાં ઉત્તર કુરૂ સંબંધી યુગલીયાના રોમ એવા સુક્ષમ છે કે તે ૪૦૯૬ રોમ એકઠાં કરીએ તેવારે કર્મભૂમિ મનુષ્યનો એક વાળ થાય, એવા તે યુગલીયાના સુક્ષ્મ રોમ છે, તે રોમ લંબાઇએ એક તસુનો લઈને તેના સાત વખત આઠ આઠ કટકા કરીએ તેવારે (૨૦૯૭૧૫૨)

કટકા થાય, તેવા કટકે કરી પૂર્વોક્ત પાલો ભરીને પછી તે એકેક કટકો સો સો વર્ષને અંતરે કાઢતાં જેવારે તે પલ્ય ખાલી થાય તેવારે સંખ્યાતા વર્ષ થાય, તેને बादर पल्योपम કહીયે, અને તે પૂર્વોક્ત એકેકા રોમ ખંડના અસંખ્યાતા ખંડ કરીને તેવા ખંડે તે પૂર્વોક્ત કૂપ એવી રીતે ઠાંસીને ભરવો, કે તેના ઉપરથી ચક્રવર્त्तिની સેના ચાલી જાય, તોપણ તે દબાય નહિ, પછી તે એકેકો સૂક્ષ્મ ખંડ સો સો વર્ષે કાઢતાં અસંખ્યાતા પૂર્વ વ્યતિક્રમે છતે તે પલ્યં ખાલી થાય તેવારે एक पल्योपम થાય છે.

૧૦ દશ કોડાકોડી પલ્યોપમે एक सागरोपम થાય.

૧૧ દશ કોડાકોડી સાગરોપમે एक अवसर्पिणी થાય

૧૨ દશ કોડાકોડી સાગરોપમે एक उत्सर्पिणी થાય

૧૩ ઉત્સર્પિણી અવસર્પિણી મળી એક કાળચક્ર થાય.

૧૪ અનંતા કાળચક્રે એક પુદ્ગળ પરાવર્ત્ત થાય એવા અનંતાં પુદ્ગળ પરાવર્ત્ત, સંસારમાં પરિભ્રમણ કરતાં જીવે વ્યતિક્રમ્યાં.

શ્રાવકે નિત્ય પ્રત્યે ચૌદ નિયમ ધારવા તેનાં નામ.

૧ સચિત્ત પરિમાણ.	૮ વાહન પરિમાણ.
૨ દ્રવ્ય પરિમાણ.	૯ શય્યા પરિમાણ.
૩ વિગઈ પરિમાણ.	૧૦ વિલેપન પરિમાણ
૪ ઉપાનહ પરિમાણ.	૧૧ બ્રહ્મચર્ય પરિમાણ
૫ તંબોલ પરિમાણ.	૧૨ દિશિ પરિમાણ.
૬ વસ્ત્ર પરિમાણ.	૧૩ સ્નાન પરિમાણ
૭ પુષ્પભોગ પરિમાણ.	૧૪ ભાતપાણીનું પરિમાણ

દશ પચ્ચખ્ખાણના નામ તથા તે પચ્ચખ્ખાણ કરવાથી કેટલું નરકાયું ત્રૂટે તે કહે છે.

પચ્ચખ્ખાણનાં નામ.	નરકાયુ તુટવાની સંખ્યા.
૧ નવકારસીથી	એકસો વર્ષ નરકાયુતૂટે
૨ પોરિસીથી	એક હજાર ,,
૩ સાઢ પોરિસિથી	દસ હજાર ,,
૪ પુરિમઢ્ઢથી	એક લાખ ,,
૫ એકાસણાથી	દસ લાખ ,,
૬ નીવીથી	એક ક્રોડ ,,
૭ એકલઠાણાથી	દશ ક્રોડ ,,
૮ એકલદાંતીથી	સો ક્રોડ ,,
૯ આયંબિલથી	હજાર ક્રોડ ,,
૧૦ ઉપવાસથી	દસ સહસ્ત્ર ક્રોડ.,,

અથ સમવસરણ મધ્યેની બાર પરિષદાનાં નામ,

૩ એક ગણધરની, બીજી વિમાનવાસી દેવાંગનાની, ત્રીજી. સાધ્વીની, એ ત્રણ પરિષદા અગ્નિ ખુણે બેસે.

૩ એક જ્યોતિષીની દેવીની, બીજી વ્યંતરની દેવીની, ત્રીજી ભુવનપતિની દેવીની

એ ત્રણ પર્ષદા નૈઋત્ય ખુણે બેસે.

૩ એક જ્યોતિષી દેવોની, બીજી વ્યંતર દેવોની, ત્રીજી ભુવનપતિ દેવોની. એ ત્રણ પર્ષદા વાયવ્યખુણે બેસે.

૩ એક વૈમાનિક દેવતાની, બીજી મનુષ્યની, ત્રીજી મનુષ્યની સ્ત્રીઓની, એ ત્રણ પર્ષદા ઇશાન ખુણે બેસે.

અથ ચાર વિકથાનાં નામ

૧ સ્ત્રીકથા. ૨ ભોજનકથા. ૩ દેશકથા. ૪ રાજકથા.

પાંચ સમવાયનાં નામ

૧ કાળવાદી ૨ સ્વભાવવાદી. ૩ નિયતવાદી. ૪ પૂર્વકૃત કર્મવાદી. ૫ પુરૂષકાર કે ઉદ્યમવાદી.

દશ શ્રાવકના તથા તેમના ગ્રામાદિકના નામ

શ્રાવકનાં નામ.	ગામનાંનામ.	ધનનીસંખ્યા.		ગોકુળ	ભાર્યાનાંનામ
૧ આનંદ	વાણિજ્યગ્રામ.	૧૨	ક્રોડ	૪	શિવાનંદા.
૨ કામદેવ.	ચંપાનગરી.	૧૮	ક્રોડ	૬	ભદ્રા.
૩ ચુલણિપિતા.	વણારસી	૨૪	ક્રોડ	૮	સોમા.
૪ સુરાદેવ.	વારાણસી	૧૮	ક્રોડ	૬	ધન્ના.
૫ ચુલ્લશતક	અલંભિકા	,,	,,	,,	બહુલાભા.
૬ કુંડ કોલિયો	કંપિલપુર	,,	,,	,,	પુસા
૭ સદ્દાલ પુત્ર.	પોલાસપુર	૩	ક્રોડ	૧	અગ્નિમિત્રા
૮ મહાશતક	રાજગ્રહી	૨૪	ક્રોડ	૮	રેવતીઆદિકતેર
૯ નંદિનીપિતા.	સાવથ્થી	૧૨	,,	૪	અશ્વની
૧૦ તેતલીપિતા	,,	,,	,,	,,	ફેગુણી ભાર્યા

એ દશ શ્રાવકનાં ચાર, છ ઈત્યાદિક જે ગાયનાં ગોકુળ કહ્યાં છે, તે એક ગોકુળ દસ સહસ્ત્ર સંખ્યાનું જાણવું. તેમજ એ દ-સેના ધર્મ ગુરૂ શ્રી મહાવીરસ્વામી છે, અને એમણે શ્રાવક ધર્મ વીસ વર્ષ પાળ્યો, તેમાં સાડાચૌદ વર્ષ ઘરે રહ્યા, અને સાડા પાંચ વર્ષ પોષધશાળામાં રહ્યા હતા, અગીયાર પ્રતિમાધર હતા, અંતે એક માસની સંલેષણા કરી સૌધર્મ દેવલોકે જુદા જુદા વિમાનોમાં ચાર ચાર પલ્યોપમઆયુએ ઉપન્યા છે. ત્યાં થી મહાવિદેહમાં સીઝસે.

ધર્મમાં અંતરાય કરનારા તેર કાઠીયાનાં નામ.

૧ આળસ. ૨ મોહ. ૩ અવર્ણવાદ બો-લવો. ૪ અહંકાર આણવો. ૫ ક્રોધ કરવો. ૬ પ્રમાદ કરવો. ૭ કૃપણતા. ૮ ગુરૂ ભય. ૯ શોક રાખવો. ૧૦ અજ્ઞાન. ૧૧ અથિરતા. ૧૨

કુતૂહળ જોવું ૧૩ તીવ્રવિષયાભિલાષ.

સ્વાધ્યાયના પાંચ પ્રકાર કહે છે.

૧ જે ગુરૂ સમીપે શિષ્યે વાંચવું તે વાંચના.
૨ જે શુભભાવે સૂત્રના વિચાર પૂછીયે તે પૃચ્છના.
૩ ભણેલા સૂત્રનું ગણવું તે પરિયટ્ટણા.
૪ જે હૃદયમાંહે સૂત્રના વિચાર ચિંતવવા તે અનુપ્રેક્ષા.
૫ જે પરને ધર્મકથા સંભળાવીયે તે ધર્મકથા.

પાંચ પ્રકારના દેવ કહ્યાછે તેનાં નાંમ.

૧ પંચેદ્રિય તિર્યંચ, અથવા મનુષ્ય જેણે દેવાયુ બાંધ્યું હોય, તે દેવતાપણે ઉપજશે તેને દ્રવ્ય દેવ કહીએ.

૨ ચક્રવર્તી હોય તેને નરદેવ કહીએ.

૩ શ્રી અણગાર સાધુને ધર્મ દેવ કહીયે.

૪ શ્રી અરિહંતદેવને દેવાધિદેવ કહીયે.

૫ ભુવનપત્યાદિકચાર નિકાયના દેવ તે ભાવ દેવ.

એ પૂર્વોક્ત પાંચ પ્રકારના દેવોનું આયુષ્ય લખે છે,

૧ દ્રવ્યદેવનું જઘન્ય અંતરમુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ.

૨ નરદેવનું જઘન્ય સાતસે વર્ષ, ઉત્કૃષ્ટ ચોરાસી લાખ પૂર્વ.

૩ ધર્મદેવનું જઘન્ય અંતરમુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશ ઉણુ પૂર્વ કોડી.

૪ દેવાધિદેવનું જઘન્ય બહોંતેરવર્ષ, ઉત્કૃષ્ટ ચોરાસી લાખ પૂર્વ.

૫ ભાવદેવનું જઘન્ય દશહજારવર્ષ, ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ.

ત્રણ પ્રકારે જીવનું અલ્પાયુ થાય તે કહે છે.

૧ જીવહિંસા કરતો થકો.

૨ જુઠું બોલતો થકો.

૩ શ્રી સાધુને અનેષણીય અફાસુ આહારાદિક દેતો થકો.

પાંચ પ્રમાદનાં નામ.

૧ મદ્યપાન, ૨ વિષય, ૩ કષાય, ૪ નિદ્રા, ૫ વિકથા

પાંચ આશ્રવનાં નામ.

૧ મિથ્યાત્વ. ૨ અવિરતિ. ૩ પ્રમાદ. ૪ કષાય. ૫ યોગ.

પાંચ સંવરનાં નામ.

૧ સમ્યકત્વસંવર. ૨ વિરતિસંવર. ૩ અપ્રમત્ત સંવર. ૪ અકષાયસંવર. ૫ અયોગસંવર.

પાંચ સ્થાનકથી જીવ નીકળેછે તે કહેછે.

૧ પગ થકી નીકળે તે જીવ નરકગતિયે જાય.
૨ જંઘા થકી નીકળે તે જીવ તિર્યંચગતિયે જાય.
૩ પેટ થકી નીકળે તે જીવ મનુષ્ય થાય.
૪ મસ્તક થકી નીકળે તે જીવ દેવતા થાય.
૫ સર્વ અંગ થકી નીકળે તે જીવ મોક્ષે જાય.

પાંચ સ્થાનકે જીવ દુર્લભ બોધિપણું પામે તેનાં નામ.

૧ શ્રી અરિહંતનો અવર્ણવાદ બોલતો થકો.

૨ શ્રી અરિહંત ભાષિત ધર્મનો અવર્ણ-વાદ બોલતો થકો.

૩ આચાર્યાદિકનો અવર્ણવાદ બોલતો થકો.

૪ ચતુર્વિધ શ્રીસંઘનોઅવર્ણવાદબોલતોથકો.

૫ જે તપ અને બ્રહ્મચર્ય પાળીને દેવ થ-યા છે તે દેવનો અવર્ણવાદ બોલતો થકો.

એજ શ્રી અરિહંતાદિક પાંચની સ્તવના કરતો થકો જીવ સુલભ બોધીપણું પણ ઉપા-ર્જન કરે.

સંસારી જીવનો આહાર ત્રણ પ્રકારે છે.

૧ ઓજઆહાર. ૨ લોમઆહાર. ૩ પ્રક્ષે-પઆહાર.

સંસારી જીવની યોનીના ત્રણ પ્રકાર.

૧ સચિત્ત યોનિ. ૨ અચિત્ત યોનિ. ૩ મિશ્ર યોનિ.

અથ સાડા પચ્ચીસ આર્ય દેશનાં નામ.

દેશનું નામ.	મુખ્યનગર.	ગામની સંખ્યા
મગધ દેશ.	રાજગૃહ નગર	૬૬૦૦૦૦૦

૨	અંગ દેશઃ	ચંપાનગરી.	૫૦૦૦૦૦
૩	વંગ દેશ.	તામ્રલિપ્તિનગર.	૫૦૦૦૦૦
૪	કલિંગ દેશ.	કાંચનપુર નગર.	૧૦૦૦૦૦
૫	કાશી દેશ.	વણારસીનગરી	૧૯૨૦૦૦
૬	કોશલ દેશ.	સાકેતપુરનગર.	૯૯૦૦૦
૭	કુરૂદેશ.	ગજપુર નગર.	૮૭૩૨૫
૮	કુશાવર્ત્ત દેશ.	સૌરીપુર નગર	૧૪૦૮૩
૯	પાંચાલ દેશ.	કાંપિલપુરનગર.	૩૮૩૦૦૦
૧૦	જંગલ દેશ.	અહિછત્રા નગરી.	૧૪૫૦૦૦
૧૧	સૌરાષ્ટ્ર દેશ.	દ્વારાવતીનગરી.	૬૮૦૫૦૦૦
૧૨	વિદેહ દેશ	મિથિલાનગરી	૮૦૦૦
૧૩	વત્ય દેશ	કોસંબી નગરી	૨૮૦૦૦
૧૪	શાંડિલ્ય દેશ	નંદીપુર નગર	૧૦૦૦૦
૧૫	મલય દેશ	ભદ્દિલપુર નગર	૭૦૦૦૦૦
૧૬	મત્સ્ય દેશ	વૈરાટ નગરી	૮૦૦૦૦
૧૭	વરૂણ દેશ	અછાપુરી .	૨૪૦૦૦
૧૮	દશાર્ણદેશ	મૃત્તિકાવતીનગરી.	૧૮૯૨૦૦૦
૧૯	ચેદિદેશ	શુક્તિકાવતીનગરી	૬૮૦૦

૨૦ સિંધુસૌવીરદેશ	વીત્તભયપત્તનનગર		૬૮૫૦૦
૨૧ શૂરસેનદેશ	મથુરાનગરી		૬૮૦૦૦
૨૨ મંગદેશ	પાવાપુરીનગરી		૩૬૦૦૦
૨૩ મત્સદેશ	પુરિવટ્ટાનગરી		૧૪૨૫
૨૪ કુણાલદેશ	સાવત્થીનગરી		૬૩૦૫૩
૨૫ લાટ દેશ	કોટીવર્ષ નગર		૨૧૦૩૦૦૦
૦॥ કેકઇદેશ	શ્વેતાંબિકાનગરી	એ દેશનો-	

૨૫॥ . . અર્દ્ધ આર્ય છે.

એ સાડાપચ્ચીસ આર્યદેશ તે આ ભરતક્ષેત્રના દક્ષિણાર્દ્ધ ભાગના મધ્યખંડને વિષે જાણવા, એમાં તિર્થંકરાદિક ત્રેસઠ ઉત્તમ પુરૂષોનું ઉપજવું થાય છે. તેમજ શક અને યવનાદિક ૩૧૯૭૪॥ અનાર્ય દેશ છે. તેમાં બધા અનાર્ય લોકો વસે છે.

સાધુસાધ્વીને ખપના કેટલાક બોલ.

૭ કારણે સાધુ આહાર લે તે.

૧ વેયણ—ક્ષુધાદિ વેદના સમાવવાને અર્થે.
૨ વેયાવચ્ચ—દસ ભેદે વેયાવચ્ચ કરવાને અર્થે.

૩ ઇરિયટ્ઠાએ--ઇર્યાસમિતિ સુખે પાળવાને અર્થે.
૪ સંજમટ્ઠાએ--પડિલેહણાદિ સંજમ અર્થે.
૫ પાણવત્તિઆએ--પ્રાણધારણ કરવા અર્થે.
૬ ધમ્મચિંતાએ--ખંત્યાદિ ધર્મ પાળવાઅર્થે.

૭ કારણે સાધુ આહાર ન લે,

૧ આયંકે--રોગાદિ ઉપદ્રવ આવે.
૨ ઉવસગ્ગે--ઉપસર્ગ આવે.
૩ તિતીક્ખાએ--બ્રહ્મચર્ય પાળવા અર્થે.
૪ પાણિદયાએ--જીવ દયા પાળવા માટે.
૫ તવહેઉ--તપસ્યા કરવા માટે.
૬ સરીરવોચ્છણટ્ઠાએ-શરીર વોસરાવવામાટે.

સાત પીંડેષણા--

૧ સંસૃષ્ટ--તે ખરડાએલી ભિક્ષા.
૨ અસંસૃષ્ટ--તે ખરડાયા વગરની ભિક્ષા.
૩ ઉદ્ધૃત--તે એક ઠામમાંથી બીજા ઠામમાં નાંખેલી ભિક્ષા.
૪ અલ્પલેપિકા--તે થોડા લેપવાળી તથા લેપ વગરની ભિક્ષા.

૫ ઉદ્દગ્રહીત—પીરસેલી થાળીમાંથી લીધેલી ભિક્ષા.

૬ અવગ્રહિત—તે ખાવાને માટે ઉપાડેલા કોળીઓ આપે તે.

૭ ઉજ્જિતધર્મા—તે નાંખી દેવા યોગ્ય તથા પરઠવવા યોગ્ય પદાર્થ ગ્રહણ કરે તે.

સાત પાણેસણા—ચોથી પીંડેષણા સિવાય બધી સરખી જાણવી પણ ચોથી અલ્પ લેપિકાને બદલે અલેપકૃત તે સોવીર, કાંજી, ઓસામણ, આયામ, ઉનું પાણી, તથા ચોખાનું પાણી વગેરે જાણવું તથા લેપકૃત તે શેરડીનો રસ, દ્રાખનું પાણી, આંબિલવાણી વગેરે જાણવું.

ગોચરી જવાની ગતિના આઠ પ્રકાર.

૧ રૂજુગતિ—તે પોતાના સ્થાનકથી નીકળી સરલ વહોરતો જાય ને વળતો વહોરેનહિ.

૨ પ્રત્યાગત—તે જતાં આવતાં બંને વખત વહોરે.

૩ ગોમૂત્રિકાવીથી--તે ડાબા પાસેથી જમ-
ણા પાસા સુધી તથા જમણા પાસાથી
ડાબા પાસા સુધી વહોરે તે.

૪ પતંગવીથી-તે ક્રમ વગર અહીંતહીંવહોરે

૫ પેટાવીથી--ને ચારે દિશાએ વહોરે ને
વચમાં ખાલી રાખે.

૬ અર્ધપેટાવીથી—તે બેહુ દિશીએ વહોરે
ને વચમાં ખાલી રાખે તે.

૭ અભ્યંતર શંબુક--તે શંખની પેઠ વહો
રતો બહાર નીકળે.

૮ બાહ્યશંબુક—તે શંખની પેઠ બહારથી
વહોરતો અંદર આવે તે.

સાધુના ૧૪ ઉપગરણ.

૧ પાત્ર--તે લેપમય પાત્રાં.

૨ પાત્રબંધન—તે ચાર છેડાવાળી ઝોળી,

૩ પાત્ર સ્થાપનક—તે કંબલમય જેમાં પા
ત્રાં રખાય તે;

૪ પાત્રકેસરીઆ--તે પાત્રાં પુંજવાનું લુગડું
તે (હાલ ચવલી)

૫ પંદલા—તે ઝોળી ઉપર ઢાંકવાનું લુગડું
૬ રજસ્રાણ—તે પાત્રાં વીંટવાનું લુગડું.
૭ ગાચ્છગ—તે પાત્રાંની ઉપર કંબલનો કકડો બંધાય તે અથવા ગુચ્છો.
૮ અને ૯—વસ્ર એટલે કપડા બે—સુતરના ૩ા હાથ લાંબા ને રાા હાથ પહોલા.
૧૦ કામળી—તે ઉનની સાડા ત્રણ હાથલાંબી, અઢી હાથ પહોળી.
૧૧ રજોહરણ—તે ઓઘો.
૧૨ મહોપત્તિ—જે મોં આગળ રખાય તે.
૧૩ માત્રક-તે ગોચરી લાવવાનું સમુદાયનું પાત્ર
૧૪ ચોલપટ્ટ—તે વૃદ્ધને બે હાથનો ને જુવાનને ચાર હાથનો પહેરવાનો હોય છે તે.

સાધ્વીનાં ૨૫ ઉપગરણ.

૧ થી ૧૩ (ચોળપટ્ટ વિના) સાધુનાં ઉપગરણ પ્રમાણે.
૧૪. કમઠક—તે બાંવાની લેપીત કટોરી દરેક સાધ્વીને પોતાના ઉદર પ્રમાણે હોય.
૧૫ અવગ્રહણાનંતક—તે યોની ઢાંકવામાં કછોટો.

૧૬ પટ્ટો—તે ચોની ઢાંકણુ ઉપરનો પાટો.
૧૭ અર્દ્ધોરૂ-બે કુંડા ઢંકાય પણ સાથળ ઉઘાડી દેખાય-તેવી ચોલણી જેને તંગીઓ કહેછે.
૧૮ ચોલણી—તે શીવ્યા વગરની છુટી ફક્ત કસોથી કુંડા બંધાય તેવી ચોલણી.
૧૯ અભ્યંતર નીચસણી—તે કેડના ઉપલા ભાગથી અર્ધી જાંઘ સુધી ઢંકાય તે.
૨૦ બાહ્યાસણી—તે કેડનાં ઉપલા ભાગથી ઘુંટી સુધી ઢંકાય તેવો સાડો.
૨૧ કંચુક-તે અણુસીવેલો કંચવો જેનાથી સ્તન તથા હ્રદય ઢંકાયુ તથા કસોવડે બંધાય તે.
૨૨ ઉપકક્ષિકા-તે કુખનું ઢાંકણુ જેનાથી જમણું પાસું તથા પૂંઠ ઢંકાય તે અને ડાબું પાસું તથા ડાબો ખભો બોરીઆવડે બંધાય તે.
૨૩ વિકક્ષિકા—તે ઉપકક્ષિકાથી વીપરીત ડાબે પાસેથી પહેરાય તેવો કંચવો.
૨૪ ચાર ચાદર. ૧ બે હાથ પહોળી સાડાત્રણ હાથ લાંબી. ૨—૩ ત્રણ હાથ પહોળી

સાડાત્રણ હાથ લાંબી. ૪ ચાર હાથ પહોળી સાડાત્રણ હાથ લાંબી.

૨૫ સ્કંધ કરણી—તે કાંબળ ચાર હાથ લાંબી ને ચાર હાથ પહોળી.

સાધુજીના ત્રણ મનોરથ.

૧ હું બહુશ્રુત કેવારે થઇશ.

૨ હું એકલ વિહારી કેવારે થઇશ.

૩ હું સંથારો એટલે અણસણ કેવારે કરીશ.

સ્થાપનાચાર્યજીની પડિલેહણાના ૧૩ બોલ

૧ શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ. ૨ જ્ઞાનમય ૩ દર્શનમય. ૪ ચારિત્રમય. ૫ શુદ્ધ શ્રદ્ધામય. ૬ શુદ્ધ પ્રરૂપણામય. ૭ શુદ્ધ ફરસનામય. ૮ પંચાચાર પાળે. ૯ પંચાચાર પળાવે. ૧૦ પંચાચાર પાળતાને અનુમોદે. ૧૧ મનગુપ્તિ. ૧૨ વચન ગુપ્તિ. ૧૩ કાય ગુપ્તિએ ગુપ્તા.

ચાર વાર સજ્ઝાય—૧ રાઇ પડિક્કમણામાં ભરહેસરની. ૨ પચ્ચખ્ખાણ પારતાં ધમ્મો મ

ગલની. ૩ સવારની પડિલેહણમાં ધમ્મોમંગ-
લની. ૪સાંજની પડિલેહણમાં ધમ્મો મંગલની.

સાધુની અવશ્ય કરણીના ૧૫ ભેદ પ્રાયશ્ચિત સાથે લખ્યા છે.

૧ પડિક્કમણું નિત્ય ન કરે તો ફરી ઉઠામણ કરે.
૨ બેઠાં પડિક્કમણું કરે તો ઉપવાસ આવે.
૩ કાળવેળા પડિક્કમણું ન કરે તો ચોથ ભક્ત આવે.
૪ સંથારાઉપરપડિક્કમણું કરે તો ઉપવાસ આવે.
૫ માંડલે પડિક્કમણું ન કરે તો ઉઠામણફરી કરે.
૬ કુશિલિઆને પડિક્કમે તો ઉપવાસ આવે.
૭ સંઘને ખમાવ્યા પછી જો વળી પડિક્કમે તો ઉઠામણ કરે.
૮ પોરસી ભણાવ્યા પહેલાં સુવે તો ઉપવાસ આવે.
૯ દિવસે સુવે તો ઉપવાસ આવે.
૧૦ વસ્તિ અણપવેવે આદેશ માગ્યા વિના

સજ્ઝાય કરે તો ચોથભક્ત આવે.

૧૧ અવિધિએ પડિલેહણ કરે તો ઉપવાસ આવે.

૧૨ નિત્ય પડિલેહણ ન કરે તો ઉપવાસ આવે.

૧૩ અણપડિલેહ્યાં વસ્ત્ર પાત્ર વાપરે તો ઉઠામણ ફરી કરે.

૧૪ કાજો અણઉદ્ધર્યાં પડિક્કમણું કરે તો ઉઠામણ આવે.

૧૫ ઇરિયાવહી આવે છતે પડિક્કમ્યા વિના બેસે તો ચોથભક્ત આવે. ઉપરના ૧૫ બોલ મહાનિશીથ સૂત્રમાં કહ્યા છે.

આ નીચે લખેલાં બાર વાનાં પામવાં દુર્લભ છે.

૧ મનુષ્યભવ. ૨ આર્યક્ષેત્ર. ૩ માતાપિતાનો પક્ષ શુદ્ધ. ૪ માર્ગાનુસારીપણું. ૫ રૂપવંતપણું. ૬ નીરોગતા. ૭ પૂર્ણઆયુ. ૮ ભલીબુદ્ધિ. ૯ ધર્મ સાંભળવો. ૧૦ ધર્મની રૂચિ. ૧૧ સદહણા. ૧૨ ધર્મને વિષે ઉદ્યમ.

પાંચ ઇંદ્રિયોના (૨૩) વિષય તથા તેમના (૨૫૨) વિકાર.

ઇંદ્રિયોનાં નામ. તથા અર્થ.	વિષય (૨૩)	વિકાર (૨૫૨)
૧ ફરસઇંદ્રિ=ચામડી.	આઠ વિષયો— ૧ હુળવો, ૨ ભારે, ૩ લુખો, ૪ ચોપડો, ૫ ખડબચડો, ૬ સુંવાળો, ૭ટાઢો, ૮ ઉન્હો.	છન્નું વિકાર—આઠ વિષયને સચિત્ત અચિત્ત અને મિશ્ર એ ત્રણે ગુણતાં ૨૪ થાય તેને સારા, નરસા એ બેએ ગુણતાં ૪૮ થાય તેને રાગ અને દ્વેષ એ બેએ ગુણતાં ૯૬ થાય.
૨ જીભ રસઇંદ્રિ=જીભ.	૭ વિષયો— ૧મીઠો,૨ ખાટો, ૩ ખારો, ૪ કડવો, ૫ ક-	બોત્તેર વિકાર—૭ રસને સારા તથા નરસા બેએ ગુણતાં૧૨, તેને સચિત્ત અચિત્ત અને મિશ્રે ગુણતા ૩૬, તેને રાગ

	ખાચલો, ૬ તીખો.	અને દ્વેષે ગુણતાં ૭૨ થાય.
૩ ઘ્રાણઇંદ્રિ= નાક.	બે વિષયો— ૧ સુગંધીદાર, ૨ દુર્ગંધવાળો.	બાર વિકાર—એ ગંધને સચિત્ત અચિત્ત અને મિશ્રે ગુણતાં ૬ થાય તેને રાગ અને દ્વેષે એ બેએ ગુણતાં બાર થાય.
૪ ચક્ષુઇંદ્રિ= આંખ,	પાંચ વિષયો— ૧ સફેત, ૨ કાળો, ૩ લીલો, ૪ પીળો, ૫ રાતો.	સાઠ વિકાર—એ પાંચ રંગને શુભ અને અશુભ એ બેએ ગુણતાં ૧૦ થાય તેને સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણે ગુણતાં ૩૦ થાય તેને રાગ, અને દ્વેષ એ બેએ ગુણતાં ૬૦ થાય.

૫ શ્રોતઇંદ્રિ= કાન	ત્રણ વિષયો- ૧ સચિત્ત, ૨ અચિત્ત ૩ મિ- શ્ર શબ્દ.	બાર વિકાર-એ ત્રણ વિ- ષયને શુભ અશુભે ગુ- ણતાં ૬ થાય અને તેને રાગ અને દ્વેષ એ બેએ ગુણતાં ૧૨ થાય
૫ ઇંદ્રિયો.	૨૩ વિષયો.	૨૫૨ વિકારો.

જ્ઞાનાચારના આઠ પ્રકારમાંનો પહેલો કાળ નામે.

આચાર કહે છે. (ઉપદેશ પ્રાસાદ ભાષાન્તર ભા. ૪ થા પાનું ૨૬૩)

પઠનીયં શ્રુતં કાલે, વ્યાખ્યાનં પાઠનં તથા ॥
આચારઃ શ્રુત ધર્મસ્ય, આદ્યો યક્ષિખ્યતેબુધૈ ૧

ભાવાર્થઃ—યોગ્યકાળે શ્રુત ભણવું, ભણાવવું તથા વ્યાખ્યાન કરવું, તે શ્રુત ધર્મનો પહેલો આચાર પંડિત પુરૂષોએ કહેલો છે.

અગ્યાર અંગ અને ઉત્તરાધ્યયન વિગેરે કાલિક શ્રુત કહેવાય છે. તે દિવસે તથા રાત્રે પહેલી અને ચોથી પોરસીમાં ભણવું ગણવું અને દસ વૈકાલિક વિગેરે તથા દ્રષ્ટિવાદ ઉત્કાલિક શ્રૂત કહેવાય છે, તેનો ભણવા વિગેરેનો કાળ સર્વ પોરસીનો છે, તેમાં સૂત્રની પોરસીમાં સૂત્ર ભણવું. અને અર્થની પોરસીમાં અર્થ અથવા ઉત્કાલિક શ્રુત વિગેરે ભણવું. દિવસ તથા રાત્રીની પહેલી અને છેલ્લી પોરસીમાં અસ્વાધ્યાય (અસજ્ઝાય)

ને અભાવે ભણાય તેથી તેનું નામ કાલિક કહેવાય છે. કાલિકનો શબ્દાર્થ એવો છે કે યોગ્ય કાળેજ ભણવું તે. અને માત્ર કાળ વેલા સિવાયં બધી પોરસીમાં ભણાય તેને ઉત્કાલિક કહ્યું છે.

કાલિક તથા ઉત્કાલિક બન્ને શ્રુતનો લઘુ અનધ્યાય કાળ બે ઘડીનો છે તેવી કાળવેળા પ્રત્યેક અહોરાત્રમાં ચાર આવે છે, તેટલો વખત તજવો તે ચાર વખત આ પ્રમાણે. ૧ સંધ્યા વખતે (સાયંકાળે) ૨ મધ્યરાત્રિએ, ૩ પ્રભાતે તથા ૪ મધ્યાન્હ વખતે. એ ચાર કાળવેળાએ તો કોઇપણ દિવસ સ્વાધ્યાય કરવો નહિ. પણ પડિલેહણ વિગેરે બીજી ક્રિયા કરવાનો નિષેધ નથી, અન્ય ધર્મમાં પણ કાળને વખતે સંધ્યા, વંદન વિગેરે ક્રિઆઓ કરવામાં આવે છે; બ્રાહ્મણો હમેશાં ત્રણ સંધ્યાએ મળીને ત્રણસો ચોવીસ વાર ગાયત્રી મંત્રનો જાપ પૂર્ણ કરે છે. દુષ્ટ કાળ

વખતે સર્વ શાસ્ત્રોમાં સૂત્રાદિકનું પઠન પાઠન સર્વથા નિષેધ કરેલું છે.

અસ્વાધ્યાય કાળે સ્વાધ્યાય કરવો નહિ.

તે વિષે (ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૪ થા પા. ૨૬૯).

અસ્વાધ્યાય ક્ષણેસ્વજ્ઞઃ, સ્વાધ્યાયં કુરૂતે સદા
યતઃ ક્રિયાફલન્ત્યેવ, યથોક્ત સમય કૃતાઃ ૧

ભાવાર્થઃ—મૂર્ખ માણસ હમેશાં અનધ્યાય વખતે સ્વાધ્યાય કરે છે પરંતુ યોગ્ય વખતે કરેલી ક્રિયાઓજ ફળીભૂત થાય છે.

અનધ્યાયનો સમય ઘણા પ્રકારનો છે તેનું યથાર્થ સ્વરૂપ આવશ્યક નિર્યુક્તિની વૃત્તિમાં પ્રતિક્રમણ અધ્યયનથી તથા પ્રવચન સારોદ્ધારના બસેં અડસઠમા દ્વારથી જાણી લેવું. અહીંપણ તેનું કાંઈક સ્વરૂપ લખીએ છીએ.

૧ જયારે આકાશમાંથી સૂક્ષ્મ રજ પડે ત્યારે જેટલો કાળ પડે તેટલો અસ્વાધ્યાય કાળ

જાણવો તેમજ ધુંઅર કે ધુવાડ જેટલો કાળ પડે તેટલો અસ્વાધ્યાય કાળ જાણવો. તેમાં વિશેષ એટલું કે—ધુંઅર પડતો હોય તેટલો વખત મુનીએ અંગોપાંગની ચેષ્ટા કર્યા વિના મકાનમાંજ બેસી રહેવું.

૨ ગંધર્વ નગર (આકાશમાં નગર જેવું દેખાય છે તે.) ઉલ્કાપાત, દિશાઓનો દાહ અને વિદ્યુત્પાત થાય ત્યારે તેટલા વખત ઉપરાંત એક પહોર સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૩ અકાળે (વર્ષાઋતુ વિના) વિદ્યુતનો ચમકારો થાય અથવા અકાળે મેઘની ગર્જના થાય તો બે પહોર સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૪ અષાડ ચોમાસાનું તથા કાર્તીક ચોમાસાનું પ્રતિક્રમણ કર્યા પછી પ્રતિપદા (એકમ=પડવા) સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૫ આસો તથા ચૈત્રસુદી પાંચમના મધ્યા-

ન સંભવથી આરંભીને કૃષ્ણ પક્ષની પ્રતિપદા સુધી અસ્વાધ્યાય કાળ જાણવો. બીજને દિવસે સ્વાધ્યાય કરવો યોગ્ય છે.

૬ રાજા અને સેનાપતિ વિગેરેનું પરસ્પર યુદ્ધ થતું હોય તો તે વખત અસ્વાધ્યાય કાળ જાણવો.

૭ હોળીના પર્વમાં જ્યાં સુધી રજ શાંત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૮ ગામનો રાજા મરણ પામે તો જ્યાંસુધી બીજા રાજાનો અભિષેક થાય નહિ ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૯ ઉપાશ્રયથી સાત ઘર સુધી કોઇ પ્રસિદ્ધ માણસ મૃત્યુ પામ્યો હોય તો એક અહો રાત્રીનો અનધ્યાય કાળ જાણવો.

૧૦ ઉપાશ્રયથી સો હાથ સુધીમાં કોઇ અનાથ મૃત્યુ પામ્યો હોય તો તેનું શબ જ્યાં સુધી લઈ ન જાય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૧૧ સ્ત્રીના રૂદનનો શબ્દ જ્યાં સુધી સંભળાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહિ.

૧૨ જળચર, તિર્યંચ, પંચેંદ્રિય, મત્સ્ય વિગેરે (વિકલેંદ્રિય નહિ) નાં રૂધિર માંસ કે હાડકાં ઉપાશ્રયથી સાઠ હાથ સુધીમાં પડયાં હોય, તો તે તથા કોઈ પક્ષીનું ઇંડું પડ્યું હોય, પણ ભાંગ્યું ન હોય તો તે કાઢી નાંખ્યા પછી સ્વાધ્યાય થઈ શકે, અને જો ઇંડું ફુટી ગયું હોય તો ત્રણ પોરસી સુધી સ્વાધ્યાય કલ્પે નહિ. તેમાં પણ જો ઇંડુ ફુટેલું હોય અને તેમાંથી રસનું બિંદુ ભૂમી ઉપર પડયું હોય તો તે સાઠ હાથની બહાર લઈ જઈને તે ભૂમિ ધોયા પછી સ્વાધ્યાય કલ્પે.

૧૩ માખીના પગ જેટલું પણ ઇંડાના રસનું અથવા લોહીનું બિંદુ ભૂમિપર પડયું હોય, તો સ્વાધ્યાય કલ્પે નહિ.

૧૪ ગાય વિગેરેનું જરાયુ જ્યાં સુધી લાગેલું હોય, ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો, અને જરાયુ પડયા પછી ત્રણ પોરસી સુધી અસ્વાધ્યાય જાણવો.

૧૫ બિલાડી વિગેરેએ ઉંદર વિગેરે માર્યો હોય તો એક અહોરાત્રી અસ્વાધ્યાય જાણવો તેટલો કાળ નંદિસૂત્ર વિગેરે ભણવું નહિ.

૧૬ એજ પ્રમાણે મનુષ્યના સબંધમાં પણ જાણવું, વિશેષ એટલું કે ઉપાશ્રયથી સો હાથ સુધીમાં મનુષ્યના અવયવો અથવા ચર્મ, માંસ, રુધિર, હાડકું વિગેરે પડયાં હોય તો અસ્વાધ્યાય જાણવો. પણ જો ઉપાશ્રય અને તે અવયવ વિગેરે પડેલા સ્થાનની વચ્ચે માર્ગ હોય, તો સ્વાધ્યાય થઈ શકે.

૧૭ સ્ત્રીઓને ઋતુ આવે ત્યારે ત્રણ દિવસ સુધી સ્વાધ્યાય કલ્પે નહિ. પણ જો પ્રદરનો રોગ થયો હોય તો અધિક કાળ સુ-

ધી સ્વાધ્યાય કલ્પે નહિ.

૧૮ કોઇ ગર્ભવંતીને પુત્ર પ્રસવ થયો હોય, તો સાત દિવસ સુધી અસ્વાધ્યાય. અને જો પુત્રી થઈ હોય તો, અથવા રક્ત અધિક જતું હોય તો આઠ દિવસ સુધી અસ્વાધ્યાય જાણવો. નવમે દિવસે કલ્પે.

૧૯ સો હાથ સુધીમાં કોઈ બાળક વિગેરેનો દાંત પડ્યો હોય, તો તે શોધવો. અને જો દાંત જોવામાં ના આવે "તો દંત ઓહડાવણિયં કરેમિ કાઉસગ્ગ" એમ કહીને એક નવકારનો કાયોત્સર્ગ કરવો. ત્યાર પછી સ્વાધ્યાય કલ્પે.

૨૦ દાંત વિના બીજા કોઈ અંગ, અથવા ઉપાંગનું હાડકું સો હાથ સુધીમાં પડ્યું હોય, તો બાર વર્ષ સુધી વાચનાદિક સ્વાધ્યાય કલ્પે નહિ., (ઇતિ બહુશ્રુત ગમ્યો) પણ મનમાં અર્થની વિચારણાનો કોઇ સ્થાને નિષેધ નથી.

૨૧ આર્દ્રા નક્ષત્રથી આરંભીને સ્વાતિ નક્ષત્ર સુધી, વિદ્યુત્ તથા મેઘ ગર્જના થાય તો સ્વાધ્યાયનો નિષેધ નથી.

૨૨ ભૂમિ કંપ થયો હોય તો આઠ પહોર સુધી સ્વાધ્યાય કલ્પે નહિ.

૨૩ અગ્નિનો ઉપદ્રવ થયો હોય તો તે ઉપદ્રવ રહે તેટલો વખત સ્વાધ્યાય કલ્પેનહિ.

૨૪ ચંદ્રગ્રહણમાં ઉત્કૃષ્ટ બાર પહોર સુધી અને સૂર્યગ્રહણમાં ઉત્કૃષ્ટ સોળ પહોર સુધી અસ્વાધ્યાય જાણવો.

૨૫ પાખીની રાત્રિએ પણ સ્વાધ્યાય સૂઝે નહિ. ઈત્યાદિ અસ્વાધ્યાયનું સ્વરૂપ સંપ્રદાયને અનુસારે જાણીને સ્વાધ્યાય કરવો. કેમકે અયોગ્ય કાળે વાંચનાદિક કરવાથી મૂર્ખપણું પ્રાપ્ત થાય છે

। (મૂળ શ્રીક

મૂળ શ્લોક

-૧.-૦

_ (ગાથા

). ૦—૧—

હેરક તથા

ઇને પૈકા શ

।। પાંચ કક્ષા

મ્હોના ૧૩ પાઠ

કથાઓ સહિત)

।। કિ. ૦-૪-૦

કરના સંગ્રહ

તીર્થંકર ભગવા

કલ્યાણક વખતે

વા ભગવાનને

ી દેશનાઓ છે.

ાઈ ફકીરભાઈ.